કોસ્મો ફાઉન્ડેશન

ને.હા.નં–૮, વેમારડી રોડ, ગામ : નવી જીથરડી,
તાલુકો : કરજણ, જી. વડોદરા.
ફોન : ૦૨૬૬૬–૨૩૨૯૬૦, ૨૩૨૦૭૦૭
E-mail : cosmo_foundation@yahoo.in

# ગીતગુંજન

બાળગીતોની પુસ્તિકા



કોસ્મો ફાઉન્ડેશન

પ્રકાશક :

**કોસ્મો કાઉન્ડેશન**

ને.હા.નં-૮, વેમારડી રોડ, ગામ : નવી જીથરડી,
તાલુકો : કરજણ, જી. વડોદરા.
ફોન : ૦૨૬૬૬-૨૩૨૯૬૦, ૨૩૨૦૭૦૭
E-mail : cosmo_foundation@yahoo.in

પ્રકાશન : ૨૮, ફેબ્રુઆરી ૨૦૧૨

આવૃતિ : પ્રથમ

**કોસ્મો ફાઉન્ડેશન પરિચય**

કોસ્મો ફાઉન્ડેશન એ કોસ્મો ફિલ્મ્સ લીમીટિડ દ્વારા ઔદ્યોગિક સમૂહની સામાજીક જવાબદારીનાં ભાગરૂપે સ્થાપવામાં આવેલ રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ વડોદરા જીલ્લાનાં કરજણ તાલુકાની ગ્રામિણ શાળાઓનાં સહયોગથી કોમ્પ્યુટર શિક્ષણ, પ્રાથમિક શિક્ષણ, અંગ્રેજી વિષયના શિક્ષણનું કાર્ય કરે છે. આ પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ્ય વંચિત સમુદાયનાં બાળકો માટે ગુણવત્તાસભર પૂરક શિક્ષણની વ્યવસ્થા કરવી અને તે સાથે બાળકોમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનનું નિર્માણ કરવું.

આ પુસ્તિકાના સર્વહક્ક કોસ્મો ફાઉન્ડેશનને સ્વાધિન છે.
આ પુસ્તિકાનો ઉપયોગ બહોળા શૈક્ષણિક હેતું માટે કરી શકાશે. તેના ઉપયોગ સંદર્ભે સંસ્થાને જાણ કરવી હિતાવહ છે.
આ પુસ્તિકા વિષે આપના સુચનો, પ્રશ્નો અને અભિપ્રાય આવકાર્ય છે.

## અનુક્રમણિકા


| ક્રમ | બાળગીતનું નામ | પાન નં. | ક્રમ | બાળગીતનું નામ | પાન નં. |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રસ્તાવના | ૧ | ૩૨ | પુસ્તક મેળો | ૧૫ |
| ૨ | વર્ષારાણી | ૪ | ૩૩ | તો શું થાય | ૧૬ |
| ૩ | મેઘરાજા | ૪ | ૩૪ | આવે સૂરજ ભૈ | ૧૬ |
| ૪ | દિવાસળીના ખોખા... | ૫ | ૩૫ | મકરસંક્રાન્તિ | ૧૬ |
| ૫ | જંગલના પ્રાણીઓની ગાડી | ૫ | ૩૬ | ઋતુગીત | ૧૭ |
| ૬ | અંક સાથે શરીર જ્ઞાન | ૬ | ૩૭ | ચાંદલીયો આવ્યો | ૧૭ |
| ૭ | પોપટ | ૬ | ૩૮ | વૃક્ષો | ૧૭ |
| ૮ | કઠપૂતળીના ખેલ | ૬ | ૩૯ | કક્કાનું ગીત | ૧૮ |
| ૯ | કેવા મજાના દેખાય બોર | ૭ | ૪૦ | છન - છન રૂપિયા | ૧૯ |
| ૧૦ | જામફળવાળો | ૭ | ૪૧ | વાવો ઝાડવાં | ૧૯ |
| ૧૧ | અનાજ - કઠોળ | ૭ | ૪૨ | સૈનિક સૈનિક રમીએ | ૨૦ |
| ૧૨ | શું કહે છે ? | ૮ | ૪૩ | સવાર | ૨૦ |
| ૧૩ | અજબ જેવી વાત છે | ૮ | ૪૪ | મેહુલો | ૨૦ |
| ૧૪ | શિંગોડા શિંગોડા | ૯ | ૪૫ | આઝાદ દેશ મારો | ૨૧ |
| ૧૫ | હાથીભાઇ | ૯ | ૪૬ | અધીર મન | ૨૧ |
| ૧૬ | નાના નાના બાલુડા | ૯ | ૪૭ | દડો | ૨૧ |
| ૧૭ | ટેલિફોન | ૧૦ | ૪૮ | દસકાં | ૨૨ |
| ૧૮ | વેણુબેનની વાર્તા | ૧૦ | ૪૯ | આંગળાનો જાદું | ૨૨ |
| ૧૯ | ટામેટું | ૧૦ | ૫૦ | સોનપરી | ૨૨ |
| ૨૦ | પારેવા | ૧૧ | ૫૧ | આવી રે નાતાલ | ૨૩ |
| ૨૧ | એક જ ડાળના પંખી | ૧૧ | ૫૨ | નાતાલ | ૨૩ |
| ૨૨ | ચકલી | ૧૧ | ૫૩ | ઝાડ | ૨૩ |
| ૨૩ | ભમરડો | ૧૨ | ૫૪ | દુનિયાની અજાયબીઓ | ૨૪ |
| ૨૪ | વા.. વા... વંટોળિયા | ૧૨ | ૫૫ | કાલે | ૨૪ |
| ૨૫ | નાતાલ | ૧૨ | ૫૬ | જિસને સૂરજચાંદ બનાયા | ૨૪ |
| ૨૬ | ગુલાબી શિયાળો | ૧૩ | ૫૭ | સસલા | ૨૪ |
| ૨૭ | ગમતો મને શિયાળો | ૧૩ | ૫૮ | સાંઇ સુવા | ૨૫ |
| ૨૮ | આવ્યો શિયાળો | ૧૩ | ૫૯ | મુજને ગમે | ૨૫ |
| ૨૯ | મારે જાવું ઉંચા આભની માય | ૧૪ | ૬૦ | વરસાદ | ૨૬ |
| ૩૦ | ધોમ ધમતો ઉનાળો | ૧૪ | ૬૧ | વર્ષારાણી | ૨૬ |
| ૩૧ | આવી છવ્વીસમી જાન્યુઆરી | ૧૫ | ૬૨ | વિદ્યાનગરી | ૨૭ |

| ક્રમ | બાળગીતનું નામ | પાન નં. |
|---|---|---|
| ૬૩ | અમે ગોળ-ગોળ ફરીએ | ૨૭ |
| ૬૪ | ડાહ્યા ત્રણ વાંદરા | ૨૮ |
| ૬૫ | શૂન્યની કરામત | ૨૮ |
| ૬૬ | નાવચલી | ૨૯ |
| ૬૭ | ઋતુગીત | ૨૯ |
| ૬૮ | ચાંદલો ગમે | ૨૯ |
| ૬૯ | દેન તું પાંખ... | ૩૦ |
| ૭૦ | કાગડો | ૩૦ |
| ૭૧ | નાચો મારા મોરલા | ૩૦ |
| ૭૨ | વેકેશન | ૩૧ |
| ૭૩ | ચાંદામામા થઇને | ૩૧ |
| ૭૪ | મને કહોને શાને રંગ જુદા... | ૩૧ |
| ૭૫ | ઓરેન્જ | ૩૨ |
| ૭૬ | રંગબેરંગી ફુવારા | ૩૨ |
| ૭૭ | વ્હાલા વ્હાલા બાળકો | ૩૨ |
| ૭૮ | સબ્જી | ૩૩ |
| ૭૯ | Hello | ૩૩ |
| ૮૦ | રાજા | ૩૩ |
| ૮૧ | Twinkle | ૩૩ |
| ૮૨ | Hello sun | ૩૩ |

| ક્રમ | બાળગીતનું નામ | પાન નં. |
|---|---|---|
| ૮૩ | Rainbow marbles | ૩૪ |
| ૮૪ | કિલકિલાટ | ૩૪ |
| ૮૫ | ઢીંગલી બોલતી થઇ | ૩૪ |
| ૮૬ | અમે બસમાં ગ્યાતાં | ૩૫ |
| ૮૭ | ચરર ચરર મારું ચકડોળ | ૩૫ |
| ૮૮ | ચાલ મારી ગાડી | ૩૬ |
| ૮૯ | ચાર ખૂણાનું ચોરસ | ૩૬ |
| ૯૦ | દિવાળીના દિવસ | ૩૬ |
| ૯૧ | રુમઝુમ પતંગિયા | ૩૬ |
| ૯૨ | નાના સરખા | ૩૭ |
| ૯૩ | સાગર રાજા | ૩૭ |
| ૯૪ | બેટી મેં બેટી | ૩૭ |
| ૯૫ | ડુગડુગિયાવાળી | ૩૮ |
| ૯૬ | પતંગ | ૩૮ |
| ૯૭ | મીંડુ | ૩૯ |
| ૯૮ | જો રોજ રોજ મજા પડે | ૩૯ |
| ૯૯ | કક્કો અને બારખડીના જોડકણાં | ૪૦ |
| ૧૦૦ | Johny Johny | ૪૩ |
| ૧૦૧ | પતંગ | ૪૩ |


## પ્રસ્તાવના

બાળગીતો અને બાળસંગીતનું બાળકોનાં સર્વાંગી વિકાસમાં અનેરુ મહત્વ છે. બાળક જન્મ લે તેની સાથે જ રૂદન કરે, આમ આ વિશ્વમાં તેનું આગમન એક સંગીતથી થાય છે. બાળક નાનું હોય ત્યારે માતા હાલરડા ગાઇને તેને પોઢાડે. આપણી સંસ્કૃતિમાં બાળકોમાં સંસ્કાર સિંચનમાં હાલરડાંનું અદ્દકેરુ મહત્ત્વ છે.

બાળક પાપા પગલી કરે અને બાલવાડીમાં પ્રવેશ કરે. બાલવાડી એટલે કે શિશુ મંદિર; જ્યાં ગામનાં, શહેરનાં, પાડોશીના બાળકો સાથે મળે. કુટુંબમાંથી બહાર નીકળીને વિસ્તૃત વિશ્વમાં પ્રવેશ કરે. આ વિશ્વમાં બાળકનો આવકાર બાળગીતોનાં માધ્યમથી કરવામાં આવે છે.


બાળગીતો સમૂહભાવના અને અભિવ્યક્તિ ખીલવવાનું અનેરું માધ્યમ છે. બાળગીતોથી બાળકોમાં ક્ષોભ, સંકોચ દૂર થાય છે અને કલ્પનાશક્તિ ખીલે છે.

આ પુસ્તકા તૈયાર કરાવામાં ગુજરાત સરકારશ્રીનાં પાઠ્ય પુસ્તકો, પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંદર્ભે અનેક સંસ્થાઓ દ્વારા પ્રકાશિત બાળગીતોનાં પુસ્તકો સંદર્ભ સાહિત્ય તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યાં છે.

આ પુસ્તકા પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલા બાળમિત્રો, કાર્યકરો અને શિક્ષકમિત્રોને ઉપયોગી રહેશે તેવી આશા રાખીએ છીએ.

આ પુસ્તકાની સામગ્રીનું સંકલન કરવામાં કોસ્મો ફાઉન્ડેશનનાં કાર્યકર મમતાબેન દરજીના અમૂલ્ય ફાળો છે. અમો આ સૌ શિક્ષકો, સંસ્થાઓ, પ્રકાશકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.


**(મમતા બક્ષી)**
**પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર**
**કોસ્મો ફાઉન્ડેશન**

**બાળગીતો અને બાળસંગીત એટલે :-**

૧. પ્રાણી જગતથી પરીઓના જીવનની કલ્પનાઓ ગાવાની અને સાંભળવાની.

૨. તાલ, લય અને સૂરનો સંગમ.

૩. ભાષાને ભાવમય અને રસમય બનાવવાનું માધ્યમ.

**બાળ સંગીત પ્રવૃત્તિના હેતુઓ :-**

- બાળકને સુરીલું, લયબદ્ધ અને તાલબદ્ધ બનાવે છે.
- બાળકોમાં શ્રવણ શક્તિનો વિકાસ થાય છે.
- બાળકોને અભિનય જોવાનો ગમે છે અને તેનાથી અવલોકન શક્તિનો વિકાસ થાયછે.
- બાળકોને અભિનય કરવાનો ગમે છે તેનાથી તેમનાં મનની કલ્પનાઓને અભિવ્યક્તિ મળે છે.
- સ્મૃતિ વિકાસ અને કલ્પના વિકાસને તક મળે છે.
- શબ્દ ભંડોળ વધે છે. ભાષા-સમૃદ્ધ બને છે.
- વિવિધ લાગણીઓનો અનુભવ કરે છે. સૌર્મિલ વિકાસની તક મળે છે.
- વિવિધ રસો. દા.ત. હાસ્ય, કરુણ, વીર, શાંત રસોની અનુભૂતિ થાય છે.
- બાળકોને જ્યારે સમૂહ વચ્ચે ગાવાની તક મળે છે ત્યારે તેનો સભાક્ષોભ (સંકોચ-શરમાળવૃત્તિ) દૂર થાય છે.
- પ્રવૃત્તિ ગીતોના માધ્યમથી સામાજિક ભાવનાનો વિકાસ થાય છે.
- અભિનય ગીતો-પ્રવૃત્તિઓ પીરસાય ત્યારે શારીરિક વિકાસને અવકાશ મળે છે.

**બાળગીતોના પ્રકાર :-**

૧. બે મુખ્ય ઝરણાં :- લોકગીત અને સર્વાંમીન ગીતો

૨. આદિત્યિક પ્રકારો :- બાળગીતો, અભિનય ગીતો, ફેરી ગીતો, હાસ્યરંજક ગીતો

**બાળગીતોના લક્ષ્ય પ્રકારો :-**

૧. ''પ્રવૃત્તિલક્ષી'', સમાજજીવનલક્ષી (ભાઈબંધ, ફેરિયાઓ)

૨. ''ઉત્સવ-તહેવાર ગીતો'' પ્રકૃતિગીતો (આકાશ, પહાડ, વસંતઋતુ, સરોવર હોળી વગેરે...)

૩. ''પશુ-પક્ષીના ગીતો'' ''વાહનવ્યવહારના ગીત''

૪. ફલનાના ગીતો (પરીઓની દૂતિયા, ચાંદામામાનું ઘર)

**બાળગીતોની પસંદગી વખતે ધ્યાનમાં રાખીએ :-**

૧. સાદું, સરળ અને ટૂંકુ હોય.

૨. બાળકની વય અને કક્ષાને અનુરૂપ હોય.

૩. બાળકની ભાષા બોલીને સુસંગત હોય.

૪. અર્થભાવની દ્રષ્ટિએ બાળગીત સદ્‌ભાવ, સદ્‌ગુણને પ્રેરક હોય તેવા સરળ ભાવવાળી જ પસંદ કરાય. વળી સર્વકોમને - સર્વધર્મને માન્ય તેવા સદ્‌ભાવવાળાં જ પસંદ કરાય.



**બેઠક વ્યવસ્થા :-**

બધાં બાળકો જોઇ શકે અને બધાં બાળકોને જોઇ શકીએ તેવી રીતે ગોઠવવી. બાળમિત્રો શિક્ષકો, કાર્યકરો નીચેની બાબતો અવશ્ય ધ્યાન પર લઈએ :

- ગીત કંઠસ્થ હોય, પુસ્તકમાંથી વાંચવું ન પડે.
- ગીતના ભાવ પ્રમાણે હળવા અભિનય અને હાવભાવનો ઉપયોગ કરીએ.
- ચાલું ગીતે અન્ય કાર્ય ન કરીએ.
- ઋતુ, તહેવાર, પ્રસંગને અનુરૂપ ગીત પસંદ કરીએ.
- ગીતોમાં વિવિધતા લાવતા રહીએ.
- ફેરીગીતોમાં બાળકો સાથે જાતે જોડાઇ જઇએ.
- ગીત ગાઇએ - ગવડાવીએ પણ ગોખાવીએ નહીં.
- અવાર-નવાર જુદા-જુદા બાળકોને ગીત રજૂ કરવાની તક આપીએ.
- જરૂર પ્રમાણે ચિત્રો, પપેટ, ટોપીઓ, મહોરા વગેરેનો યોગ્ય ઉપયોગ કરીએ.
- જે ગાઇએ જે નર્તન કરીએ તે હોંશથી ઉમંગપૂર્વક કરીએ. તાલ અને લયમાં બાળકો ગીતોને ઝીલે તેવા પ્રયાસ કરીએ.

**અંતમાં....**

- બાળકોને આપણા બનાવવામાં અને આપણે બાળકોના બનવામાં બાળસંગીત એક અગત્યનું માધ્યમ છે.
- બાળ-સંગીત એ સહૃધ્યતા, સજ્જતા અને શિક્ષણનું માધ્યમ છે.

''બાળક સ્વભાવે જ કવિ છે
પંખીડાની માફક ગાવું
પંતગિયાની માફક ચગવું
ઝરણાં માફક કલકલ નિનાદ
સાથે નૃત્ય કરવું
ફુલની માફત ખીલવું ને ફોરવું
તારાઓની માફક તગતગવું
આનંદ અને ઉલ્લાસ,
પ્રેમ અને મીઠાશ,
કોમળતા અને કલ્પના-એ બાળકનું જીવન,
એની કુદરતી જીવતી કવિતા...

- લેખક : પૂજાલાલ

## વર્ષારાણી



અષાઢ સાથે શ્રાવણ માસ આવે
ઝરમર વર્ષારાણી લાવે રે... વીજળી તો ચમક થાય
વર્ષારાણી અજવાળા પથરાવે
આકાશની ચુંદડી ચમકાવે રે... વીજળી તો ચમક થાય
વાદળામાં નોબત વગડાવે
ગરબડ પાવા વાગે રે... વીજળી તો ચમક થાય
મીઠાં મીઠાં પાણીડાં વરસાવે
નદી સાથે તળાવને છલાવે રે... વીજળી તો ચમક થાય
ધરતીને લીલી ઓઢાવી ઓઢાડે
ખેડૂતોને માટે ધાન લઈને આવે રે... વીજળી તો ચમક થાય
રંગ બેરંગી ફૂલડા ખીલાવે
બાળકોને આનંદથી ભીંજવે રે... વીજળી તો ચમક થાય

## મેઘરાજા

આવો મેઘરાજા... આવો મેઘરાજા...
વગડાવો વાજા (૨) પીં પીં પમ પમ
મુશળધાર મુશળધાર (૨)
વરસે પાણીડાની ધાર
સરસર સરસર સોમ સોમ
રેલમછેલ રેલમછેલ
નદી નાળાં રેલમછેલ
છલબલ છલબલ છમ છમ (૨)
આવો મેઘરાજા...





## દિવાસળીના ખોખા લીધાં

તેના તો મેં ડબ્બા કીધા
આગળ મૂક્યું ઊભું ખોખું
બનાવી દીધું એન્જિન મોટું
છૂક છૂક એન્જિન આગળ જાય
પાછળ ડબ્બા દોડતા જાય
દોડતાં દોડતાં આવી ભીંત
ધડાક એન્જિન અથડાયું
ડબ્બે ડબ્બા છૂટા થયાં
ડબ્બા મહીંને ખોખા થયાં
કેવી મજા ભાઈ કેવી મજા




## જંગલના પ્રાણીઓની ગાડી

જંગલ કેરા પ્રાણીઓની છૂક છૂક ગાડી જાય
આગળ કાળા હાથીભાઈ એજીંન એ કહેવાય
વાઘ અને સિંહ એના ડબ્બા થઈ જોડાય.
ચિત્તો અને દીપડો પાછળ પાછળ જાય
જંગલ આખું ધમધમ થાતુ પંખીઓ ગભરાય
કાણી આંખે કાગડો એકલો ગાડી જોતો જાય
જંગલ કેરા....
હાથી ઉપર સસલું બેઠું ડ્રાઈવર એ કહેવાય.
મીઠા ફળ તોડીને હાથીને દેતુ જાય.
લાંબી ડોકે જીરાફભાઈ ઉંચે જોતું જાય
વરુ ને શિયાળ એના પગમાં અટવાય
જંગલ કેરા....
કોટ પહેરી વાનરભાઈ ડબ્બે ડબ્બે જાય
પાંદડાની ટિકીટ તપાસે ચેકર એ કહેવાય
રીંછભાઈ ઝંડી લઈને સાથે સાથે જાય
સીટી વાગે ગાડી ચાલે ગાર્ડ એ કહેવાય.
-ભૂલકાંઓને સથવારે

## અંક સાથે શરીર જ્ઞાન




એક કહેતા ઉપર હાથ
બે કહેતા માથે હાથ
ત્રણ કહેતા આંખે હાથ
ચાર કહેતા કાને હાથ
પાંચ કહેતા નાકે હાથ
છ કહેતા ખભે હાથ
સાત કહેતા કેડે હાથ
આઠ કહેતા ઢીંચણે હાથ
નવ કહેતા પગે હાથ
દસ કહેતા અદપ વાળો



## પોપટ

પોપટ પાંજરામાં મીઠું મીઠું બોલે
એને સાંભળીને દિલ અમારું ડોલે....
લીલો લીલો રંગ એનો
લીલો લીલો રંગ
રાતી રાતી ચાંચ
કાળો કાંઠલાનો રંગ
પેરુ ખાય મરચાં ખાય
ગોરસ આમલી ખાય
રામ રામ સીતા રામ બોલતો જાય
પટ પટ થાય
એની ગોળ ગોળ આંખો
શોભે એની પાંખો પોપટ પાંજરામાં...

## કઠપૂતળી ખેલ

કઠપૂતળીનો ખેલ જોવા ગમે બાળકોને
પડદા પાછળથી નાચ નચાવે પૂતળીઓને
પૂતળીઓ નચાવી વિક્રમરાજાની વાર્તા કહે
સૌને સમજાવી ધીમે ધીમે મઝાથી વાર્તા કહે
પડદા પાછળથી નાચ...
રાજા પ્રધાન ને સેવકની અદા સૌને જોવા મળે
વળી રાજાઓ વચ્ચેની લડાઈ બધાને બતાવે
પ્રાચીન કથાઓની સમજ ઝટઝટ ગળે ઉતારે
જોતાં જોતાં હસતાં હસતાં જ્ઞાન-ગમ્મત મળે
પડદા પાછળથી નાચ..
વિવિધ પશું પંખીના અવાજ સાંભળવા મળે
મીઠા સ્વરે જાતજાતના રમજી ખેલ જોવા મળે
પડદા પાછળથી નાચ..






## કેવા મજાના દેખાય બોર

કેવા મજાના બોર આ કેવા મજાના (૨)
શિયાળો આવતા બોર બહુ પાકતાં (૨)
પથ્થર ફેકતાં બોર નીચે આવતાં
વીણીને ખીસ્સા ભરાય..... બોર કેવા મજાના
ખીસ્સામાં ભરતાં ઘેર દોડી જાતા,
અંતે તો બોરની લ્હાણી કરાય
.... બોર કેવા મજાના
કેવા મજાના દેખાય બોર આ કેવા મજાના.

## અનાજ - કઠોળ


ઘંટી
ઘરરર... ઘંટી
બાજરો ને બંટી
હળવી થાય, ભારે થાય
ચપ ચપ, દાણા લેતી જાય
ઘંટીમાં બે પાણા,
એની વચમાં દાણા
ભરભર, ભરભર, ભૂકો થાય !
ઝીણો ઝીણો લોટ દળાય
દાણા ઓરે ગાળામાં
લોટ પડે થાળામાં
લોટના તો રોટલા થાય
પ્રીતીબેન તો રોટલા ખાય
રોટલા ખાઈને જાડા થાય.



## જામફળવાળો

આયો રે આયો રે આયો આયો
હું જામફળવાળો... (૨)
મધ થી મીઠાં જામફળ લાવ્યો
શિયાળાનો મેવો લાવ્યો...
એ... હાલો... આયો,
મનુભાઈ આવ્યા પહેરીને ડગલો
એ.. હાલો... આયા,
લઈ લો જામફળ, બાબો ખાશે,
બેબી બહેન બહુ બહુ રાજી થાશે...
એ.. હાલો... આયા,
જામફળ લેવા રૂપાબહેન આવ્યાં,
ડોલમાં ડોલતાં સમુબહેન આવ્યાં
એ.. હાલો... આયા,


## શું કહે છે



ગાયના બચ્ચાને વાછરડું કહે છે.
મરઘીના બચ્ચાને પીલું કહે છે.
ભેંસના બચ્ચાને પાડું કહે છે.
બકરીના બચ્ચાને લવારું કહે છે.



ઘેટીના બચ્ચાને ગાડરું કહે છે.
કૂતરીના બચ્ચાને કુરકુરિયું કહે છે.



બિલાડીના બચ્ચાંને બચોળિયું કહે છે.
ઘોડાના બચ્ચાને વછેરું કહે છે.
ગધેડાના બચ્ચાને ખોલકું કહે છે.



ઉંટડીના બચ્ચાને બોતકું કહે છે.
હાથીના બચ્ચાને મદનિયું કહે છે.
વાંદરીના બચ્ચાને માંકડું કહે છે.

- શ્રોફ્સ ફાઉન્ડેશન



## અજબ જેવી વાત છે.


નાની મારી આંખ એ જોતી કાંક - કાંક
એ તો કેવી અજબ જેવી વાત છે.
નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મજાનું
એ તો કેવી અજબ જેવી વાત છે.
નાના મારા કાન એ સંભાળે દઈને ધ્યાન
એતો કેવી અજબ જેવી વાત છે.
નાનું મારું મોઢું એ બોલે સારું સારું
એ તો કેવી અજબ જેવી વાત છે.
પગ મારા નાના એ ચાલે છાના માના
એ તો કેવી અજબ જેવી વાત છે.

- ઉપેન્દ્રાચાર્યજી



## શિંગોડા શિંગોડા

શિંગોડા શિંગોડા
અમને આપો થોડાં
એક પછી એક આવો
નહીં તો પડી જશો મોડાં
એક શિંગોડું એ...વું
એ આખો દિવસ રડતું
એ... એ... એ... એ કરતું એ એ એ એ
બોલોજી તમને ગમતું
ના... ના... ના... ના... ના...
શિંગોડા... શિંગોડા...




એક શિંગોડું એ...વું
એ આખો દિવસ લડતું
ચુંટીયા ભરતું... બચકાં ભરતું
બોલોજી તમને ગમતું
ના... ના... ના... ના... ના...
શિંગોડા... શિંગોડા...
એક શિંગોડું એ...વું
એ આખો દિવસ હસતું
હા... હા... હા... હા... હા...
શિંગોડા... શિંગોડા...

- ભૂલકાંઓને સથવારે

## હાથીભાઈ

હાથીભાઈ તો જાડા
લાગે મોટા પાડા
આગળ ઝૂલે લાંબી સૂંઢ
પાછળ લટકે ટૂંકી પૂંછ
સૂપડા જેવા કાન છે.
ઝીણી ઝીણી આંખો છે
થાંભલા જેવા પગ છે.
હાથીભાઈ તો સૌને ગમે.

- ભૂલકાંઓને સથવારે



## નાના નાના બાલુડા

નાના નાના બાલુડી નાની નાની ફોજ
એક - દો - તીન - ચાર કરતાં કરતાં મોજ
નાના - નાના અમે બાળકો, કાલે મોટા થાશું
સારા - સારા કામ કરીને નામને દીપાવીશું
આવો આવો બાલ સહું એક સાથ બોલો
બાલવીરો ઝીન્દાબાદ, બાલવીરો ઝીંદાબાદ
એકી અવાજે બોલો... એકી અવાજે બોલો
નાના - નાના બાલુડાની નાના - નાની ફોજ





## ટેલિફોન

ટેલીફોનની ઘંટડી વાગી ટ્રીન... ટ્રીન... ટ્રીન...
હલ્લો કોણ બોલો છો ? હું નાનકડો મુન્નો છું
મમ્મીનું મારે કામ છે. મમ્મી ગયા બજારે
ટેલિફોન...
હલ્લો કોણ બોલો છો ? હું નાનકડી મુન્ની છું
દાદાનું મારે કામ છે. દાદા ગયા દર્શને
ટેલિફોન...
હલ્લો કોણ બોલો છો ? હું નાનકડો મુન્નો છું
પપ્પાનું મારે કામ છે. પપ્પા ગયા ઓફિસે
ટેલિફોન...





## વેણુબેનની વારતા

વેણુબેન... વેણુબેન
લઈને બેઠા પાર્ટી-પેન
આડા-આવળાં લખ્યાં આંક
એટલામાં તો લાગ્યો થાક;
લગીરે ના પડે ચેન,
લઈ તો બેઠા પાર્ટી-પેન
દાદા - પહેરે જાડા કાંચ
લખવા આપે, પાડા પાંચ
પાછા કહે, કવિતા વાંચ
છોડ બધાંયે નખરા નાચ
મગજમાં તો ફૂરતો ફેના
કોરે મૂક્યાં પાર્ટી-પેન
આ, આ બગાસું આવ્યું એક
વેણુને વહી ચાલ્યું છેક
રમવા માટે એન ઘેન
વેણુબેન... વેણુબેન
દાદાજી બસ જોતાં રહ્યા
વેણુબેન તો ઊંઘી ગયા




## ટામેટું

લાલ લાલ ટામેટું
ખાટું મીઠું ટામેટું
લાલ ગુલાબી ટામેટું
રસથી ભરેલું ટામેટું
કોણ લાવે ટામેટું
મમ્મી લાવે ટામેટું
કોણ કાપે ટામેટું
પપ્પા કાપે ટામેટું
કોણ ખાય ટામેટું
અમે ખાઈએ ટામેટું
છોકરા ખાય ટામેટું
- શ્રોફ્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ







## પારેવા

આવો પારેવા આવોને ચકલા
ચોકમાં દાણા નાખ્યા છે.
આવો પોપટભાઈ મેનાને લાવજો
ચોકમાં દાણા...
આવો કાબરભાઈ કલબલના કરશો
ચોકમાં દાણા...
ધોળી છે જાર ને ઘઉં રાતડા
ચોકમાં દાણા...
નિરાંતે ચણજો નિરાંતે ચણજો
ચોકમાં દાણા...
ધો.-૨ ની ચોપડી



## એક જ ડાળના પંખી

એક જ ડાળના પંખી
અમે સહુ એક જ ડાળનાં પંખી
વિહરીએ કદી આભમાં ઉંચે,
ઊડી ઊડી કદી આવીએ નીચે
કિલ્લોલ કરતાં રહેતા ઉમંગી... એક જ
સુખમાં અને દુઃખમાં સાથે જ રહીએ
લડીએ વઢીએ કદી જુદાયે થઈએ,
તોય નિરંતર રહેતા સંપી... એક જ
ધરતી ખોળે બાળ અમે સહુ,
કરીએ કુદરત ગાન અમે સહુ
જીવન કેરા પ્રવાસના સંગી... એક જ
ધો.-૪ ની ચોપડી

## ચકલી

આવીને ઉડીના જઈશ
હો ચકલી આવીને ઊડીના જઈશ
તને ચપટી ચવાણું દઈશ
તને ખોબલે પાણી દઈશ
આવીને ઉડીના જઈશ
તને ઘરમાં પેસવા દઈશ

તને માળો બનાવા દઈશ
આવીને ઉડીના જઈશ
તને ખોળામાં બેસવા દઈશ
તને ધૂળમાં રમવા દઈશ
તારા બચ્ચા ઉભા ઉભા જોઈશ
આવીને ઉડીના જઈશ
- શ્રોફ્સ ફાઉન્ડેશન ટ્રસ્ટ





## ભમરડો

શેરી છાકમછોળ ભમરડો !
નાનું શું ચગડોળ ભમરડો !
આર જડેલો, જાળી વીંટયો;
લે, છૂટયો વંટોળ : ભમરડો !
પૃથ્વી ફરતી ગોળ : ભમરડો !
શીખવતો ભૂગોળ ભમરડો !
ભમ્મર ચક્કર છમ હથેળી;
ઘૂઘવતો તરબોળ ભમેરડો !
- કરસનદાસ લુહાર

## વા વા વંટોળિયા

વાયરા વનવગડામાં વાતા'તા
વા વા વંટોળિયા !
હાં રે અમે વગડા વીંછતાં જાતાં તા
વા વા....
ગાડાં દોડે, ઘૂઘરા બોલે
બળદ કેરાં શિંગડાં ડોલે !
હાંરે અમે એક સાથ મળી ગાતા તાં
ધોમ ધખેલો, આભ તપેલો,
ગરમી તણી ગાર લીંધેલા
હાં રે અમે ઊની ઊની લૂ મહીં નાહતાં'તાં
વા વા વંટોળિયા
-બાલસૃષ્ટિ



## નાતાલ

દેખાય શરીરે તે જાડા તગડા
ને પહેરે સદા લાલ લાલ કપડાં
માથે ટોપી પણ લાલ જ પહેરે
ને ફરે તે તો હસતાં - હસતાં ચહેરે
લાંબી લાંબી સફેદ દાઢી ને મૂછ
જ્યાં જાય ત્યાં થાય તેમની પૂછાપૂછ
ખભે થેલામાં રમકડાં ને ચોકલેટો
આપે તે તો સૌને સુંદર ભેટો
'જીંગલ બેલ જીંગલ બેલ' તે ગાય
ને બાળકોના તો સપનાઓમાં જાય
અરે ખુશીઓનો ખજાનો તે લાવે
જુઓ પ્યારા પ્યારા સાન્ટા લાવે
-બાલસૃષ્ટિ







## ગમતો મને શિયાળો

હું શોધુ છું પથારીને પંખી શોધે માળો,
ગમતો મને શિયાળો... ગમતો મને શિયાળો
પ્રભાતે પંખીના કલરવ, સંધ્યા ટાણે નિરાળો
ગમતો મને.. ગમતો મને...
સ્વેટર, ટોપી બૂટ-મોજામાં લાગે કેવા હૂંફાળો,
ગમતો મને... ગમતો મને...
હેમંત વળી શિશિર ઋતુમાં શાંત તોયે નખરાળો
ગમતો મને... ગમતો મને...
ખાવાની 'રાજ' ખરી મજા ને યોગથી રોગ ભગાડો
ગમતો મને શિયાળો... ગમતો મને શિયાળો
- રાજેશ પરમાર 'રાજ'

## આવ્યો શિયાળો

આવ્યો શિયાળો ઠંડી લઈને
ઠંડી ઠંડી લહેરો લઈને
સગડી - તાપણાં ગરમી લઈને... આવ્યો શિયાળો
આવ્યો શિયાળો ઠંડી લઈને
જાત-જાતના પોશાક લઈને
ગરમ, ધાબળા - શાલ ઓઢીને
સ્વેટર - જર્સી- મફલર પહેરીને
બૂટ - મોજાં - ટોપી પહેરીને... આવ્યો શિયાળો
આવ્યો શિયાળો ઠંડી લઈને
જાત-જાતના ફળો લઈને
ખાટા-મીઠા બોર લઈને
લાલ-ધોળા જમરૂખ લઈને
સરસ મજાના સીતાફળ લઈને... આવ્યો શિયાળો
આવ્યો શિયાળો શરદી લઈને
જાત-જાતની વાનગી લઈને
શેરડીની ગંડેરી લઈને
સુખડી - લાડુ - પાક લઈને
તલ - સાંકળી - સીંગપાક લઈને... આવ્યો શિયાળો
આવ્યો શિયાળો ઠંડી લઈને
યોગ - પ્રાણાયામ, કવાયત લઈને
વોકિંગ સાથે દોડ કરીને
શરીર નીરોગી ચાવી લઈને... આવ્યો શિયાળો
- મનહરભાઈ એન. દેવમુરારી

## ગુલાબી શિયાળો

શિયાળાની સલૂણી સવાર ખૂબ અનોખી
ઉડે આજ ચોમેર ગુલાબી શીત લહેરખી
ઝાકળનું સામ્રાજ્ય આજ વરતાય ચારેકોર
ધુમ્મસમાં લહેર ગુલાબી જાય જાણે સરકતી
લીલોતરીની લીલાલ્હેર છવાય ચારેબાજુ
મૂળા, ગાજર ને ટામેટાં વળી ખવાય ખૂબ ભાજી
ઉતાવળે - ઉત્સાહે કામ કરે સૌ સઘળાં
દિવસ ઘણો નાનો પણ અનુભવાય તનમાં સ્ફૂર્તિ
શ્યામ ગુલાબી સાંજ જલદી જાય ઢળી
હેમતનું હેત છલકાય ને છવાય મનમાં મસ્તી
- જગમાલ રમ સુવાસ






## મારે જીવું ઉચાં આભની માય

રે કોઈ મને ઉડવા દેજો આજ,
કે મારે જાવું ઊંચા આભની માંય
ઊંચાં ઊંચાં આભમાં ઘમ્મર ઘૂમી આવું
દોરીના તંગ બાંધી સૂરજ લઈ આવું
રંગ બે રંગી પતંગ ઉડે આજ
કે મારે જાવું ઊંચા આભની માંય
પેલો કાળો ને કાબરો ચક્કર ચલાવે
પીળિયાની પાંખ તોડી ગુલાંટ લગાવે
ત્રિરંગો ઉડે ન્યારો આજ
કે મારે જાવું...
કાગળ ને કાગદીના રંગો ઉભરાતા
દોરીઓની દોટ મદીં પંખી અથડાતા
થાએ ચિચિયારી એવી આજ
કે મારે જાવું...
ખુલ્લા આકાશમાં ને ખુલ્લી અગાશીએ
મમ્મી - પપ્પાની સંગે પતંગ - પેચ લડીએ
હૈયામાં હેત ભર્યા આજ
કે મારે જાવું...
- વિનોદકુમાર ડી. ચૌહાણ

## ધોમ ધખતો ઉનાળો

વાયરા ઉના ઉના વાય રે... ધોમ ધખતો ઉનાળો
દાઝે છે સૌની કાયરે... ધોમ ધખતો ઉનાળો
પશુઓ બેસે વૃક્ષની છાયં રે... ધોમ ધખતો ઉનાળો
પંખી પુરાય માળા માય રે... ધોમ ધખતો ઉનાળો
બાળક કુલ્ફી આઈસક્રીમ ખાય રે... ધોમ ધખતો ઉનાળો
ગિરિમથકે જાતાં રાય રે... ધોમ ધખતો ઉનાળો
લોકો તરબૂચ ટેટી ખાય રે... ધોમ ધખતો ઉનાળો
મમ્મી લીંબુ શરબત પાય રે... ધોમ ધખતો ઉનાળો
સૌ ઘરમાં પુરાઈ જાય રે... ધોમ ધખતો ઉનાળો
પંખા એસી ચાલુ થાય રે... ધોમ ધખતો ઉનાળો
કેરીને રાયણ મીઠી થાય રે... ધોમ ધખતો ઉનાળો
મધુર ગીતડાં કોકિલ ગાય રે... ધોમ ધખતો ઉનાળો
સૂનકાર શેરી રસ્તા થાય રે... ધોમ ધખતો ઉનાળો
ધરા ધગ-ધગતી મૃગજળ થાય રે... ધોમ ધખતો ઉનાળો
કોઈ દી'માં બે વાર ન્હાય રે... ધોમ ધખતો ઉનાળો
રાત્રે ધાબે સૂવા જાય રે... ધોમ ધખતો ઉનાળો
- સંજય આર. બાપોદરિયા





## આવી છવ્વીસમી જાન્યુઆરી

આવી છવ્વીસ મી જાન્યુઆરી
છે આપણા સૌને એ સહિયારી
શહીદ વીરને કરીએ વંદન
રાષ્ટ્રદિન માટે કરીએ મંથન
છે એ આપણો રાષ્ટ્રીય તહેવાર
આપણે સૌ રાખશું એનો વહેવાર
વંદે માતરમ્ જય હિંદના નારા લગાવો
આંતકને અહીંથી ભગાવો
ફર ફર કરતો ફરકે ત્રિરંગો
દેશહિતના રંગે રંગાવે,
બાળ બહાદુર ભરો કૂચ કદમ
આવી છવ્વીસમી જાન્યુઆરી
આવી છવ્વીસમી જાન્યુઆરી
છે આપણ સૌની એ સહિયારી
- મિતેષ એન. વાળંદ





## પુસ્તક મેળો

પુસ્તકના મેળામાં મમ્મી આજ મને લઈ આવી
ભાત-ભાતના પુસ્તકઓને આજ દીધાં બતાવી
કૈંક હતાં ગુજરાતી પુસ્તક, કૈંક હતાં અંગ્રેજી
હિન્દી, સિંધી, બંગાળી પણ ત્યાં દીઠાં તાં મેજી
કથા, વારતા, ગીત અને ત્યાં ચિત્ર ઘણા મેં દીઠાં
જગની વાતો જાણવા થોડાં પુસ્તક મેં પણ લીધાં
લોકો આવી આવી પુસ્તક વાંચી વાંચી લેતાં
પુસ્તકવાળા કાકા સૌને પુસ્તક ગોતી દેતાં
મમ્મીએ દાદાજી માટે ભજન લીધાં મજાનાં
ને પપ્પાજી માટે લીધાં પુસ્તકના જ ખજાનાં
મુજને પુસ્તક દેતાં બોલી સાચાં સાથી આ છે.
હું ઈચ્છું કે સારાં સારાં પુસ્તક રોજ તું વાંચે
- કીર્તિદા બ્રહ્મભટ્ટ

## તો શું થાય ?

પળે - પળ જો વાંચન થાય
તો વાંચનની ક્ષણ - ક્ષણ કાંચન થાય.
સેકન્ડે - સેકન્ડ જો યોગી થાય.
તો વાંચન જીવનને ઉપયોગી થાય.
મિનિટે - મિનિટે જો ભેગી થાય
તો વાંચન વાટ પવનવેગી થાય.
કલાકે - કલાકે જો જડબેસલાક થાય.
તો વાંચનની ત્રુટીના તલાક થાય.
દિવસ-રાતની જો સંગત થાય
તો વાંચન પ્રવાહની રંગત થાય

દરેક અઠવાડિયા જો અર્પણ થાય
તો વાંચન જીવનને સમર્પણ થાય
દરેક પખવાડિયા જો પ્રબળ થાય
તો વાંચનના વ્હેણ પ્રભાવી થાય
વરસો-વરસ જો સંગીન થાય;
તો વાંચનની વાચા રંગીન
જિંદગીનો જશ જો સ્વર્ણ થાય;
તો વાંચનનો રસ સુવર્ણ થાય.
- પ્રવિણભાઈ એમ. પટેલ




## આવે સૂરજ ભૈ

ઝોળીમાં તેજ લઈ આવે સૂરજ ભૈ !
ઉગમણી દિશામાં આવે સૂરજ ભૈ !
ઉષાના રંગ ભરી આવે સૂરજ ભૈ !
જગને જગાડવા આવે સૂરજ ભૈ !
પંખીના ગાન લઈ આવે સૂરજ ભૈ !
ફૂલોમાં રંગ લઈ આવે સૂરજ ભૈ !
વૃક્ષનું ભાથું લઈ આવે સૂરજ ભૈ !

હવાને ચાળવા આવે સૂરજ ભૈ !
પાણીના વાદળામાં આવે સૂરજ ભૈ !
સાત રંગો વેરતા આવે સૂરજ ભૈ !
ખેતરના ફૂંડાં થઈ આવે સૂરજ ભૈ !
સૌનું જીવન લઈ આવે સૂરજ ભૈ !
આથમીને ઘેરથી આવે સૂરજ ભૈ !
ઝોળીમાં તેજ લઈને આવે સૂરજ ભૈ !
- અનિલ રાવલ 'નિર્મલ'

## મકરસંક્રાન્તિ


આજ અગાશી સઘળી ઊડવા લાગી
રાતા પીળા પતંગ થઈને આભે તરવા લાગી
સૂ - સૂ - સૂ - સૂ પવનો કેરી વાંસળીઓ ભાઈ, વાગી
સર - સર - સર - સર પતંગની પાંખો ફરફરવા લાગી
ઊડયું 'ચોક્કું' ચાંદો ઊડયો તારો 'ઉડયો' 'દાંડી'
માંજે માજો કટ - કટ - કટ અને સડકો દોડવા માંડી
એ ગ્યો.. ગ્યો નો ગોકીરો ને કાપ્યો.. ઝાલ્યો... ફાટયો
કોઈએ કાપ્યો, કોઈએ ખોયો તો કોઈ પતંગ ચાપ્યો
એ તો એમ જ હોય તમે ભાઈ, લાડુ તલના ખાઓ
પછી પવનની આંગળીઓમાં પતંગ નવા અંબાવો
ભરદોરે લુંટાણા ? ફીરકી ખાલી ? દુઃખ ન આણો
ગગન - સરે રંગ - માછલડાંને તરતા - બૂડતાં માણો
- બાળભાસ્કર





## ઋતુગીત

પેલા તારલા ચમક.. ચમક થાય (૨)
જોઈને ચાંદામામા મલક... મલક થાય (૨)
પેલો વાયરો સરર... સરર થાય (૨)
સાથે પેલાં ફૂલડાં ફરર... ફરર થાય (૨)
પેલી વીજળી ઝબૂક... ઝબૂક થાય (૨)
પાછળ કાળાં કાળાં વાદળ ગરડ... ગરડ થાય (૨)
પેલા મેઘરાજા થનક... થનક થાય (૨)
તાલમાં પેલા ઝરણાં ખબળ.. ખબળ ગાય (૨)
પેલી ઓઢણી લીલી ધરતીની ફરક... ફરક થાય (૨)
હરખાતા સૂરજદાદા મરક.. મરક થાય (૨)
- ડી. એલ. ધનન



## ચાંદલીયો આવ્યો

ચાંદલીયો આવ્યો, અજવાળાં લાવ્યો
ચાંદની રે.. તું અહીંયા આવ (૨)
મેઘરાજા આવ્યા.. ગડગડાટ લાવ્યા
વીજળી રે... તું અહીંયા આવ (૨)
સરિતા રે... આવી ખડખડાટ લાવી
નાવડી રે... તું અહીંયા આવ (૨)
સંધ્યા રાણી આવ્યાં અંધકાર લાવ્યા (૨)
ઉષા રાણી રે... તું અહીંયા આવ (૨)



## વૃક્ષો

ઊભાં ઊભાં જુઓ મલકાય છે વૃક્ષો
સ્થિર ઊભાં ક્યાંય ન આવે જાય છે. વૃક્ષો
પહાડની ટોચે ઊભાં કે ખીણના ઊંડાણમાં
વર્ષની આંધી તોફાનોને સહી જાય છે. વૃક્ષો
લાખો મુસીબતો આવે જીવનના રાહ પર
કેમ હસતા રહેવું તે શીખવી જાય છે. વૃક્ષો
વન વગડે ખેતરને શેઢે ને રસ્તાની બાજુમાં
રહી બધે ખુશખુશાલ લહેરાય છે. વૃક્ષો
લીલાછમ વૃક્ષોને, રંગીન ફૂલનાં આભૂષણો
સોળે શણગાર સજી હરખાય છે. વૃક્ષો
ખાટા મીઠાં ને મધુરાં રસવાળાં ફળ આપે છતાં
નમ્રતા ને વિનયથી નમી જાય છે. વૃક્ષો
પંખીનો આવાસ ને પશુઓનો વિસામો બને,
પણ પતંગિયાની છેડછાડથી શરમાય છે. વૃક્ષો
પહેલા ખેંચી લાવે છે વરસાદનાં વાદળ
ને પછી છત્રી બની ઊભાં રહી જાય છે. વૃક્ષો
- શોએબ મહંમદ એમ. માંકણોજીયા






## કક્કાનું ગીત

કલમ લીધી ખડિયો બોળી
ગણપતિ દોર્યા ઘરમાં
ત્યાં તો ચકલી ઊડી જાય છે.
છત્રી લીધી છમરૂખ તોડયાં
ભરીયા ઝબલામાં ત્યાં તો
ટપાલી આવી જાય છે.
તલવાર લીધી થડિયું કાપ્યું
દડો દોડી જાય ત્યાં તો
ધજા ફરકી જાય છે.
નગારું વાગે પતંગ ચગે
ફટાકડા ફોડી જાય ત્યાં તો
બકરી બે બોલી જાય છે.
ભમરડો ભમે મરચું લાગે
યતિ આવી જાય ત્યાં તો
રમકડું રમતું થાય છે.
લખોટા લીધા વહાણ ભરી
શરણાઈ વાગી જાય ત્યાં તો
ષટ્કોણ થઈ જાય છે.
સસલું દોડયું હરણ સાથે
અવળા માર્ગે જાય ત્યાં તો
ક્ષત્રિયનો યજ્ઞ થાય છે.


– પ્રહ્લાદભાઈ આર. જોષી






## છન – છન રૂપિયા

છન... છન... છન... રૂપિયા છન... છન... છન...
ખૂબ કમાઓ નિર્મળ રાખો તન, મન, ધન
રૂપિયા છન...
મોહક રૂપ એનું છે.
કીર્તિનો એ સ્તૂપ છે.
બધાંને અનુરૂપ છે.
માયાવી સ્વરૂપ છે.
એની પાછળ દુનિયા ગાંડી ભાગે બન બન
રૂપિયા છન...
બધા જ એના દાસ છે.
પોતે એ બિન્દાસ છે.
એની પણ બે જાત છે.
કાળો – ધોળો ખાસ છે.
પરસેવાનો પૈસો પાકો, સજ્જનતાનું ધન
રૂપિયા છન...



ના પૈસાનો લોભ કરો
ના પૈસાનો રોબ કરો
સાચા દિલની ખોજ કરો
સાથે રહીને મોજ કરો
ભણી-ગણીને જ્ઞાની બનો તો વિદ્યા આપે ધન
રૂપિયા છન..

– બાળકૃષ્ણ જી. વડનેરે (બી.કે.)



## વાવો ઝાડવાં

ઝાડવામાં ધરતી લીલી થાય,
વાવો વાવો ઝાડવાં
ઝાડવામાં સરિત વ્હેતી જાય
વાવો વાવો ઝાડવાં
ઝાડવામાં દરિયો વરસી જાય
વાવો વાવો ઝાડવાં
ઝાડવામાં રણ રે લહરી જાય,
વાવો વાવો ઝાડવાં
ઝાડવામાં ચંદર રળકી જાય,
વાવો વાવો ઝાડવાં
ઝાડવામાં સૂરજ ઝળકી જાય
વાવો વાવો ઝાડવાં

– માણેકલાલ પટેલ

## સૈનિક સૈનિક રમીએ



ચાલ બચુડા લઈ લે સોટી, સૈનિક સૈનિક રમીએ
માથે મજાની પહેરી ટોપી, ગલીએ ગલીએ ભમીએ
હું પપ્પાનો કોટ લઈ આવું તું લૈ આવને સીટી
હું બાના ચશ્મા લૈ આવું કાગળિયામાં વીંટી
બની ઠનીને બેસી જાઈએ અફસર સાયબની જેમ ચાલ
કોઈની હોય જો દાનત બગડી તેને સોટી બતાવીએ
દેશભક્તિનાં કામ કરવા ઊંચું જોર લગાવી
આઝાદીનું રક્ષણ કરીને ભારત માતાને ગમીએ ચાલ

– પ્રજાપતિ અનસોયાબહેન એમ.



## સવાર



સૂરજદાદા ફાંટ ભરીને લાવ્યા છે અજવાળું
હમણાં આ અંધાર જશે ને થાશે વિશ્વ રૂપાળું
ઉગમણાં આકાશે હમણાં પૂરાશે રંગોળી,
જોવા એને જાશે પેલી પંખીઓની ટોળી !
આંગણામાં એક બુલબુલ મીઠું – મીઠું ગાણું ગાશે,
ચકલીબાઈ કૂંડે બેસી ફૂર – ફૂર – ફૂર – ફૂર ન્હાશે
ગવરી ગાને ભાલે માડી કરશે સુંદર ટીલું
ગલગોટાની ક્યારી આખી થાશે ખીલું – ખીલું !
હરિના મંદિરની ઝાલર સૂણતાં મન હરખાશે
મુન્નો જાગી ન્હાઈ – ધોઈ, ઝટપટ સ્કૂલે જાશે !

– કિરીટ ગોસ્વામી






## મેહુલો

આવ્યો આવ્યો જંગલનો તારણહાર રે,
મેહુલો મોંઘા મૂલનો રે લોલ...
ગાજ્યાં ગાજ્યાં વાદળ નામની માંક્ષ રે,
મોરલિયા સર્વે ટહુકી ઊઠ્યા રે લોલ...
બોલ્યાં બોલ્યાં દેડકાં જળની માંક્ષ રે,

ખેડૂતો સર્વે નાચી ઊઠ્યા રે લોલ...
ગર્જ્યાં ગર્જ્યાં સિંહો જંગલની માંક્ષરે,
પંખીડા સર્વે ઝૂમી ઊઠ્યાં રે લોલ..
નાચ્યાં નાચ્યાં બાલુડા જળની માંહ્ય રે;
ધરતીએ લીધાં વારણા રે લોલ...

– નાથાલાલ ડાંગર





## આઝાદ દેશ મારો

યુગોથી ખ્યાત દેશ ભારત મારો,
રહે સદા આબાદ એ જ નારો અમારો
અહીં પાક્યા શહીદોરૂપી અનમોલ રતન.
વિશ્વમાં ગજાવ્યો 'જય હિન્દ'નો નારો
રામ, કૃષ્ણ, બુદ્ધને ગાંધીએ ઉજાળ્યું વતન,
સત્યનો એ બોધ જગતમાં નિરાલો
ઉજ્વળ ઈતિહાસથી ભરી ભરી ધરા,
પ્રેમ ત્યાગ ને બલિદાનથી દરેક પ્રદેશ ન્યારો
કરીએ હિંદુસ્તાનને જગતમાં મહાન,
હળી મળીને કરીએ પ્રયાસ સહિયારો

– જગમાલ રામ




## અધીર મન

આભમાંથી વરસે છે નીર,
ન્હાવાં મન થયું અધીર.
ઠંડો ઠંડો વાયો સમીર,
ગાવાં મન થયું અધીર.
ગહેકે મોર ડુંગરને શિર,
નાચવાં મન થયું અધીર
ખેતર જાતાં ધોરીડાને વીર,
જીવાં મન થયું અધીર

ધરતીએ ઓઢયાં લીલાં ચીર,
નિહાળવાં મન થયું અધીર.
દમકી ઊઠયું જંગલ ગીર,
ઘૂમવા મન થયું અધીર.
નાસપતી જાંબુ કેળાં અજીર
ખાવાં મન થયું અધીર
ભીની રેતી નદીને તીર,
રમવાં મન થયું અધીર

– સંજય આર. બાપોદરિયા

## દડો



દબબડ દબબડ દોડે અમારો દડો ચોકમાં (૨)
લાલ રંગ, પીળો રંગ, લીલો રંગ મજાનો છે (૨)
કનુ ફેંકે મનુ પકડે
ઉપર ફેંકે નીચે આવે
ભીંતે ફેંકે પાછો આવે.
દબબડ દબબડ દોડે...

– રિટાબેન

## દસકા




એક રૂપિયાના દસકા દસ
ખીસ્સામાં ખખડે અને પડે મારો વટ
એક દસકો મેં મમ્મીને આપ્યો
મમ્મીએ મને ઊંચકી લીધો
એક રૂપિયાના....
એક દસકો મેં પપ્પાને આપ્યો
પપ્પા એ મને શાબાશી આપી
એક રૂપિયાના....
એક દસકો મેં દાદીને આપ્યો
દાદીએ મને બકી ભરી લીધી
સૌના પૈસા સૌને આપ્યા
એક રૂપિયાના....
– નાગજીભાઈ દેસાઈ



## આંગળાનો જાદુ

આંગળાનો જાદુ મારા આંગળાનો જાદું (૨)
આમ કરું તો હરણ બની જાય,
આંગળાનો જાદું...
આમ કરું તો માછલી બની જાય
આંગળાનો જાદું...
આમ કરું તો સાપ બની જાય
આંગળીનો જાદું...
– મિતાલીબેન



## સોનપરી





સોનપરી લઈને જાજે મને તારા દેશ (૨)
આપણા બેના દિલ છે એક ભલે જુદા વેશ (૨)
ત્યાં જઈને શું શું રમશું ?
ફૂટબોલ રમશું, વોલીબોલ રમશું, રમશું બોલ-બેટ
ત્યાં જઈને શું શું પહેરીશું ?
સોનપરી..
પેન્ટ-શર્ટ, ડ્રેશ, પહેરીશું જીન્સ પેન્ટ પહેરીશું
ત્યાં જઈને શું શું કરશું ?
સોનપરી...
બાગમાં ફરીશું, ચકડોળ ફરીશું ફરીશું નારેશ્વર






## આવી રે નાતાલ









આવી રે નાતાલ રૂડી આવી રે નાતાલ
રંગરંગીલી (૨) આવી રે નાતાલ
હિંદુઓની દિવાળી
મુસ્લિમોની ઈદ
પારસીઓની પતેટી
ખ્રિસ્તીની નાતાલ...
નાચો, કૂદો એક સાથ
મોજ મનાવો એક સાથ
અંગ્રેજીમાં ગીત ગાંતા, નાચો સૌ એક તાલ
હેપી ક્રિસ્ટમસ (૨) આવી રે...
રાતના બાર વાગે
સાંતાક્લોઝ આવે
પીપરમીંટ લાવે
ચોક્લેટ લાવે, રમકડાં લાવે
હોંશે હોંશે બાળકોને પીપરમીંટ આપે
હોંશે હોંશે બાળકોને ચોક્લેટ આપે
હોંશે હોંશે બાળકોને રમકડાં આપે
હેપી ક્રિસ્ટમસ (૨) આવી રે નાતાલ
– ઈન્દુભાઈ પારેખ

## નાતાલનું ગીત

આવી નાતાલ રૂડી
આવી નાતાલ
બાળકોને ગમતી
આવી નાતાલ... આવી
આ તો દિવાળી ખ્રિસ્તી લોકોની
ચાલો ઉજવીએ કરી મિજબાની આવી
સાન્તા ક્લોઝ દાદા હરખાતા આવશે
બાલુડાને માટે રમકડાં લાવશે... આવી...
ઈશુ ભગવાનને વંદન કરીએ
પ્રેમ દયાનો સંદેશ ઝીલીએ... આવી...
નવું વરસ મુબારક સહુને
મંગલ કામના એવી કરીએ... આવી...



## ઝાડ



સુંદર કેવા નમણાં ઝાડ
પંખીડાનો છે આધાર !
ડાળે એની રમતું તાન,
ગૂંજે છે મધમધતું ગાન !
વરસે વરસે બદલે પાન,
દઈને હરખે ફળનું દાન !
તડકો વેઠી એની કાપ,
દેતી સૌને છાંય અપાર !
કદી'ન કરતું કોઈનો વાદ,
કદી'ન કરતું ક્યાંય ફરિયાદ !
હસતું હસતું રહેતું નીત,
કરતું સદાય જગથી પ્રીત !
ઉપકારી એનો સિદ્ધાંત
ખાતું બીજા સારે માર !!
– મંગળ રાવલ – સ્નેહાતુર (ધો.-3)

# દુનિયાની અજાયબીઓ

દુનિયા આંખોમાં મારી છે.
ઘણું ઘણું જોવાનું
અહિંયા બેસી રે તાં મારે
શું શું નહીં ખોવાનું ?
ધરતીનો છેડો છે ક્યાંને,
સૂરજ આવે ક્યાંથી ?
કોયલ કાળી, પોપટ લીલો
બગલો ધોળો શાથી ?
શિયાળો ઠંડો છે શાથી ?



ગરમી કેમ ઉનાળે ?
ચોમાસામાં ગાજવીજ શે ?
તણખો શાથી બળે ?
ચાર પગે કેમ પશુઓ ચાલે ?
પંખીને કેમ પાંખો ?
આવી દુનિયા જોવા મુજને
દીધી કોણે આંખો ?
- સ્નેહરશ્મિ (ધો.-૪ બુક)

## કાલે

નાના અમથાં આજ ભલેને, કાલે મોટા થાશું
અમો તો ગીત ગુલાબી ગાશું !
કળી કળીના ફુલ થાયને બુંદ બુંદનો દરિયો
નાની અમથી બીજ ચમકતી આભે થઈ ચાંદલિયો
મસ્ત થઈને અજાણ પંથે અમે એકલાં જાશું
અમે તો ગીત ગુલાબી ગાશું !
નાનકડી કેડીનો થાતો મારગ કેવો મોટો;
એવાં મોટા થઈશું કે નહિ જડે અમારો જોટો
હોશે હોઠ પર સ્મિતઃ આંખમાં કદી હોય નહિ આંસુ
અમો તો ગીત ગુલાબી ગાશું !
- સુરેશ દલાલ (ધો.-૫)



## જિસને સૂરજ ચાંદ બનાયા

જિસને સૂરજ-ચાંદબનાયા
જિસને તારો કો ચમકાયા
જિસને ફૂલો કો મહકાયા,
જિસને ચિડિયો કો ચહકાયા,
જિસને સારા જગત બનાયા,
જિસને રચી હમારી કાયા,
ઉસ ઈશ્વર કો સદા મનાઓ,
ઉસ પ્રેમ સે શીશ ઝુકાએ
- સોહનલાલ દ્વિવેદી (ધો.-૪)

## સસલા

ડીંગ - ડીંગ ચાલે સસલા, ચાલે સસલા
વ્હાલા - વ્હાલા લાગે એ તો નાના - સસલા
કૂણા તરણા ખાતા રે, દોડી - દોડી જાતા રે
ડગમગ - ડગમગ ચાલે એ તો નાના સસલા
ડીંગ - ડીંગ...
રેશમ જેવા સુવાળા, ધોળા - ધોળા રૂપાળાં
ધીમા કૂદકા મારે એ તો
નાના સસલાં
ડીંગ - ડીંગ...
ધીંગામસ્તી કરનારે, બાથથમ - બાથી કરતા રે,
રમ્મત - ગમ્મત કરતા એ તો નાના - સંસલા
ડીંગ - ડીંગ...









# સાંઈ સુવા ટ્રેન

સાંઈ સુવા સાંઈ સુવા હો રહા થા ટ્રેન મેં
હલ્લા - ગુલ્લા, હલ્લા - ગુલ્લા હો રહા થા ટ્રેન મેં
પહેલે ડીબ્બે મેં બૈઠે દો ગુજરાતી
કેમ છો ? સારું છે : બોલ રહા થા ટ્રેન મેં
ખમણ, ઢોકલાં, ખમણ - ઢોકલાં ખા રહે થે ટ્રેન મેં
ગરબા - રાસ ગરબા - રાસ હો રહા થા ટ્રેન મેં
સાઈ સુવા....
દૂસરે ડિબ્બે મેં બૈઠે દો પંજાબી
શસ્ત્રી કાલ, શસ્ત્રી કાલ બોલ રહે થે ટ્રેન મેં
છોલે પૂરી - છોલે પૂરી ખા રહે થે ટ્રેન મેં
ભાંગડા ડાન્સ, ભાંગડા ડાન્સ હો રહા થા ટ્રેન મેં
સાઈ સુવા....
તીસરે ડીબ્બે મેં બૈઠે દો મરાઠી
કાયા ઝાલા ? કૂઠે ઝાલા ? બોલ રહે થે ટ્રેન મેં
પૂરણ પોળી-પુરણ પોળી ખા રહેથે ટ્રેન મેં
લાવણી ડાન્સ લાવણી ડાન્સ હો રહા થા ટ્રેન મેં
સાઈ સુવા....
ચોથે ડીબ્બે મેં બૈઠે દો અંગ્રેજી
દાવ આર યું ? વોટ ડુ યું બોલ રહે થે
લેમન જ્યુસ લેમન જ્યુસ પી રહે થે ટ્રેન મેં
બેલે ડાન્સ બેલે ડાન્સ હો રહા થા ટ્રેન મેં
સાઈ સુવા....








## બાળગીત
## મુજને ગમે

કાળાં કાળાં આભે સરતાં, વાદળ મુજને ગમે,
ઝગમગ ઝગમગ રાતે થાતં, તારલા મુજને ગમે
મંદ મંદ મસ્તીમાં મ્હાલતો, પવન મુજને ગમે
ગોળગોળ ગગનમાં ઘુમતી, ચાંદલો મુજને ગમે
ચમક ચમક ચમકારા કરતી, વીજળી મુજને ગમે
ઝળહળ ઝળહળ મોતી - શી ઝગતી, ઝાકળ મુજને ગમે,
ઝરમર ઝરમર ઝીણું વરસતો, મેહુલો મુજને ગમે
રાતો રાતો, રંગો રેલાવતો, સૂરજ મુજને ગમે
સાત સાત રંગોથી ખીલતું ધનુષ મુજને ગમે
ઊંચે ઊંચે આભે દીસતું, સઘળું મુજને ગમે.
- સંજય બાપોદરિયા



## વરસાદ

આવ્યો વરસાદ જળબંબાકાર બંબાકાર
વરસે વરસાદ જળબંબાકાર બંબાકાર
વનવગડામાં મોર ટહુકે (૨)
મોર ટહુકે ટેહુંક... ટેહુંક... ટેહુંક... ટેહુક
વરસે વરસાદ આજ મુશળધાર મુશળધાર
વરસે વરસાદ જળબંબાકાર બંબાકાર
આવ્યો વરસાદ
કોયલ કુંજે કહુ... કુહુ... કુહુ... કુહુ...
વરસે વરસાદ સાંબેલાધાર સાંબેલાધાર
વરસે વરસાદ જળબંબાકાર બંબાકાર
આવ્યો વરસાદ
પાણીમાં પેલા દેડકાં બોલે (૨)
દેડકા બોલે ડ્રાઉં... ડ્રાઉં... ડ્રાઉં... ડ્રાઉં...
વરસે વરસાદ આજ નેવાધાર નેવાધાર
વરસે વરસાદ જળબંબાકાર બંબાકાર
આવ્યો વરસાદ...
ખેતર પાદરમાં તમરા બોલે (૨)
તમરા બોલે ત્રમ ત્રમ ત્રમ, ત્રમ ત્રમ ત્રમ
વરસે વરસાદ આજ અનરાધાર અનરાધાર,
વરસે વરસાદ જળબંબાકાર બંબાકાર,
આવ્યો વરસાદ જળબંબાકાર બંબાકાર,
વરસે વરસાદ જળબંબાકાર બંબાકાર
– ગીરીશ ડી. ધારૈયા

## વર્ષારાણી

રૂમઝૂમ રૂમઝૂમ પધારો ઓ ! વર્ષારાણી
ધરતીમાતા સાદ કરે, વરસાવોને પાણી
વાદળ ગડગડાટ કરે, વીજ કરે ચમકારા,
આનંદમાં આવીને, જગતાત કરે સત્કાર
પશુપંખી ને તરુવર, ઓત આનંદે હરખાય
'જળ એ જ જીવન છે' – એનો ભેદ પરખાય
નદી–નાળાં, સરોવર મહીં, નીર નવા આવે
વર્ષા તણો મહિમા, કવિવર જોને ગાવે
નયનરમ્ય હરિયાળી, સમીર સંગે ડોલે,
તરુવર કેરી ઘાટામાં મયુર ટહુકે બોલે
સજીવો કેરા જીવનનું, વરસાવો અમૃતજળ,
સંગ્રહ કરો જળ તાણો, બુંદ બચાવો હરપળ
– પ્રવિણસિંહ જે. ઝાલા



## વિદ્યાનગરી



વિદ્યાનગરીના અમે બાલુડાં રે લોલ
સાંભળજો સૌ કોઈ માનવ જો...
વિદ્યાનગરીનાં...
વહેલા ઊઠતાને કરતા લેશન રે લોલ
સ્નાન ભોજન કરી જતાં નિશાળ જો
વિદ્યાનગરીનાં...
પ્રાર્થના બોલીને વિદ્યા ભણતા રે લોલ
ભણવાનો આનંદ આવે અપાર જો
વિદ્યાનગરીનાં...
ગીતો ગાતાને સુણતા વારતા રે લોલ
રમતટે રમતા અમે અનેક જો
વિદ્યાનગરીનાં...
નિત્ય ઉમંગથી જતાં નિશાળ રે લોલ
ગુરૂજીઓ મારા જ્ઞાનના ભંડાર જો
વિદ્યાનગરીનાં...
– ભરતકુમાર જી. પ્રજાપતિ





## અમે ગોળ ગોળ ફરીએ

અમે ગોળ ગોળ ફરીએ રે... (૨)
અમે તાળી દઈને રમીએ... અમે
બાગ–બગીચે ફરવા જઈએ... (૨)
ફૂલ ખીલેલા ભેગા કરીએ... (૨)
ફૂલડાં સાથે રમીએ રે...
અમે ફૂલડાં સાથે રમીએ... અમે
નદી કિનારે ફરવા જઈએ... (૧)
પાણી દખી નાવા પડીએ... (૨)
સરરર સરરર તરીએ રે
અમે સરરર સરરર તરીએ રે... અમે
ચાંદની રાતે રમતો રમીએ... (૨)
સંતાકૂકડી ખૂબ જ રમીએ
ફેર ફૂંદરડી ખૂબ જ ફરીએ... (૨)
અમે ફેર ફૂંદરડી ખૂબ જ ફરીએ... અમે
– જગમગ
(ગુજરાત સમાચાર)

## ડાહ્યા ત્રણ વાંદરા







પહેલે રમકડે હો ડાહ્યા ત્રણ વાંદરાં
બેઠા છે હાર બંધ હો ડાહ્યા ત્રણ વાંદરાં
એક કહ્યું છે બંધ આંખો બે હાથથી
ખોટું જોવાય નહીં હો, ડાહ્યા ત્રણ વાંદરા
બીજે કર્યું છે બંધ મોઢું બે હાથથી
જુઠું બોલાય નહીં હો... ડાહ્યા ત્રણ વાંદરા
ત્રીજે કર્યું છે બંધ કાનો બે હાથથી
ખોટું સંભળાય નહીં હો ડાહ્યા ત્રણ વાંદરા
ગાંધી બાપુના એ બોધક રમકડું
પ્રેમાળ ભૂલાય નહીં હો રડાહ્યા ત્રણ વાંદરા...
– ગાંધીજી


## શૂન્યની કરામત

હે વિદ્યાર્થીવિશ્વાસ કરી લે,
શૂન્ય બનીને સમજાવું છું
આ ગણિતમાં ઈચ્છાથી
ધન – ઋણથી પર રહું છું
સરવાળા તણું પ્રકરણ તારું,
તટસ્થ રીતે હું વર્તુ છુ
ગુણાકારની રીતમાં આવુ ત્યારે
સૌને શૂન્ય બનાવું છું
ભાગાકારમાં નીચે આવું તો
અનંત બની જાઉં છું
કિંમત આપો શબ્દ સાંભળી
માનાંકમાં સંતાઈ જાઉં છુ
લઘુગુણકની નાની ગણતરી
નવમા ધોરણમાં જોવા આઉં છું

તારો લોગ મળી શકે નહિ.
એ વાંચીને ચાલ્યો જાઉં છું
વિરોધી સંખ્યાની નફરત દેખી,
પરિણામ રૂપે હું આવું છુ
કોઈ પણ સંખ્યાની ઘાતે ચડીને
એકડે એકને લાઉં છુ
ગમે તેટલા ઘાત લો મારા,
છતાંય હું શૂન્ય જ છું.
ઓળખવાના ક્યાં છે આજે
આગળ મારી કિંમત નથી
હે વિદ્યાર્થીવિશ્વાસ કરી લે..
– પટેલ વશરામભાઈ એન.
બાલસૃષ્ટિ



## નાવચલી




નાવ ચલી, નાવ ચલી, નાવ ચલી રે
હમ સબકો લેકર ગાઁવ ચલી રે
હપ્પા હો... હપ્પા હો... (૨)
નીચે હૈ પાની કી ધાર
સર... સર... સર... સર
ઉસ પર પડતે ચપ્પુ કે વાર
છપ્પ, છપ્પ, છપ્પ, છપ્પ
નીચે હૈ પાની કી ધાર,
ઉસ પર પડતે ચપ્પુ કે વાર
આસમાન મેં તારે હજાર
હમકો જાના હૈ ઉસ પાર
હિલડુલ – હિલડુલ કર નાવ ચલી રે
હમ સબકો લેકર ગાઁવ ચલી રે
નાવ ચલી...
– વૈકલ્પિક વર્ગ
સર્વ શિક્ષા અભિયાન

## ઋતુગીત



દેડકાંભાઈ તો ડ્રાંઉ ડ્રાંઉ બોલે,
ને થઈ વ્યાકુળ, વૃક્ષલતા ડોલે,
મોરલો પણ ઝંખે છે નાચવા,
ને બાળકો પણ ચાહે છે નાહવા
અરે છે ખાલી ખમ તળાવને નદી
હવે આવી તું ભરી દે તેને જલદી
ખેડુ પણ નીરખે છે તુજ વાટ
ક્યારે પધારીશ તું અમ શો માટ ?
ના રિસાઈશ તું અમથી કોઈ કાળ
તું નહિ આવે તો પડશે દુકાળ
કર તૃપ્ત તું હવે અમારી તરસ,
બસ હવે મન મૂકીને તુ વરસ
આતુર છીએ સાંભળવા તુજ વાણી
જલદી આવને ઓ ઋતુઓની રાણી
– કમલેશ ડી. મેકવાન





## ચાંદલો ગમે

મને આભલે ચમકતો ચાંદલો ગમે
એની આસપાસ, નાના–મોટા તારા રમે... મને
મને શિયાળે સૂરજનો તડકો ગમે...
એની આસપાસ મારો પડછાયો રમે... મને
મને ઉનાળે સંધ્યાની સોબત ગમે
એની આસપાસ લાલ–પીળા રંગો ગમે... મને
મને ચોમાસે વીજના ચમકારા ગમે
એની આસપાસ પાંદડાને ફૂલો ગમે... મને
મને માનવ–મહેરામણના મેળા ગમે
એની આસપાસ, નાના–મોટાં છોરા ગમે... મને
– જયંત શુક્લ


# દેને તું પાંખ...



દેને તું પાંખ મને તારી... (૨)
ઉંચે ઉંચે આભલામાં ચાંદાના તેજના... (૨)
ઓલ્યા તારલાની સાથે મારે રમવું... (૨) દેને તું
વગડાની વાટમાં ને ડુંગરાની ધારમાં... (૨) દેને તું
પેલા ફૂલડાની સાથે મારે હસવું... (૨) દેને તું
નદીઓના નીર જોવા સાગરના પૂર જેવા (૨)
ઓલી વાદળી સાથે મારે ફરવું... (૨)
જોવા છે કોતરોને જોયા છે ખેતરો (૨)
પેલા વાયરાની સાથે મારે ઉડવું (૨) દેને તું

-લોકગીત





# કાગડો

કાગડો કાકા કરતો આવે... (૨)
કાગડો આંગણુ ગજાવતો આવે (૨)
કાગડો ઠેકડા મારતો આવે.
કાગડો છાનોમાનો આવે
કાગડો આવે ને સંદેશો લાવે... (૨)
કાગડો આવે ને મામા આવે... (૨)
કાગડો કા... કા કરતો આવે
કાગડાને કૂડો કચરો ભાવે.
કાગડાને શીરો પૂરી ભાવે.
કાગડો છાનો-માનો આવે.

- બાલસૃષ્ટિ

# નાચો મારા મોરલા

નાચો મારા મોરલા (૨)
છમ છમા છમ છમ (૨)
રંગબેરંગી પીછા એના
ભૂરા ભૂરા સંગ છે
સોનેરી કલગી એની... (૨)
મીઠું મીઠું મલકે
નાચો મારા મોરલા... (૨)
છમ છમા છમ
આભે ચડ્યા વાદળાને, મોરે કીધી કળા
ટેહું ટેહું નાચે મારા મોરલા
શ્રાવણીઓ આવશે ને
હૈયા હરખાવશે
નાચતા ન આવડે મને આવી શીખવાડશો
નાચો મારા મોરલા
છમ છમા છમ છમ..

- બાલસૃષ્ટિ







# વેકેશન ગીત

આહા... આવ્યું વેકેશન જુઓ રજાની મજા
શું શું લાવ્યું વેકેશન આવી મજાની રજા (૨)
રજા ની મજા ! મજાની રજા ! રજાની મજા (૨)
લા... લા... લા...
સાથે ભેરૂઓની ટોળી, સાથે સખીઓની જોડી
એ તો ડુંગર ઉપર દોડી
ઉપર ટોચે ચડીને નવી દુનિયા જોવા
જો જો મમ્મી તો બોલાવે... એશા... પાછળ પપ્પાને દોડાવે
તો પણ આવીશ નહિ હું હવે હાથમાં..
આહા... આવ્યું વેકેશન..
અમે તો મુંબઈ જવાના, અમો ચોપાટી ફરવાના
ભેળપૂરી ખાવાના
આખો દરિયો દોડીને દૂર દેશ જવાના
દૂર દેશ જઈ ભારતના ગુણ ગાવાનાં
આહા... આવ્યું વેકેશન..

- ઈન્કા બાળગીત





# મને કહો ને શાને રંગ જુદા


મને કહોને, મને કહોને - મને કહોને કોઈ તમે શાને
શાને આ રંગ જુદા જુદા
કોયલનો રંગ કાળો કંઠ છે સોહામણો
પેલા મોરલના રંગ જુદા જુદા... શાને રંગ...
ચાંદાનો રંગ જુદો સૂરજનો રંગ જુદો
પેલા આભલાના રંગ જુદા જુદા... શાને આ રંગ
દુનિયાનો રંગનાર કેવો રંગીલો
એને પૂર્યા (છાંટ્યા) છે રંગ જુદાં જુદાં...
શાને આ રંગ જુદાં જુદાં...
મને કહોને...

- નિર્મળાબેન ઓઝા

# ચાંદામામા થઈને

ચાંદામામા મામા થઈને કેમ રહો છો દૂર
આવો અમને ખવડાવોને કોપરા... ખજૂર
ઊંચે આભે ઘર તમારું
કેમ કરી ત્યાં આવું હું
મારે ઘેર આવો મામા વારંવાર મનાવું... ચાંદામામા
રંગે તમે રૂડાં રૂપાળા
પાથરતા જગમાં અજવાળાં
વ્હાલા મામા વિના તમારે મારે ઘેર અંધારા.... ચાંદામામા
જ્યારે પૂનમ રાત આવે
ઝગમગતું અજવાળુ લાવે
રંગ રૂપેરી ચાંદનીમાં સહુકોઈને નવડાવે... ચાંદામામા

- નિર્મલાબેન ઓઝા



## ઓરેન્જ

ઓરેંજ કલર હૈ કિતના બઢીયા
ચલોજી દેખતે હૈ
કિતની ચીજે હૈ ઓરેંજ મેં... લા લા લા...
સબેરે (૨) સૂરજ કા રંગ ઓરેંજ હોતા હૈ
મંદિર મેં લહરાયે યે ધજા ઓરેંજ હોતી હૈ... ઓરેંજ
તીરંગા હમારા કિતના પ્યારા ભારત કા ગૌરવ હૈ
સબસે પહલે ઓરેંજ લગા વીરતા કા પ્રતીક હૈ... ઓરેંજ
નારંગી મૌસંબી કા રસ યે સેહત બનાતા હૈ
પપૈયા રોજ ખાને સે ચહેરા ખીલતા હૈ... ઓરેંજ
સબકો પ્યારા ઓરેંજ રંગ સદા ચમકતા હૈ
મનકો લગે પ્યારા યે રંગ સદા ચમકતા હૈ... ઓરેંજ
- સ્મિતાબેન વડોદરા






## રંગ બે રંગી ફુવારા

લાલ લાલ લીલા લીલા
પીળા પીળા ભૂરા ભૂરા
ઉડે મજાના ફૂવારા (૨)
ચાલો છોકરાવા જોવા જઈએ રંગબેરંગી ફૂવારા લાલ લાલ...
રંગ બેરંગી ફૂવારામાં ચાલો જઈને નાહીએ
ઠંડી ઠંડી ધારાઓથી પછી ભલે ટાઢ વાય
ધ્રુજતા ધ્રુજતા, ઠોં ઠોં કરતા, ઉધરસ ખાતા હાક્ છી કરતા ગાંશુ...
લાલ લાલ... લીલા...

## વ્હાલા વ્હાલા બાળકો

વ્હાલા વ્હાલા બાળકો
નાના નાના બાળકો
આવોને આજ આપણી આ દુનિયામાં આપણું છે રાજ
તરૂવરને વાવજો
ફૂલછોડને વાવજો
નાની સી વાટ
આપણી આ દુનિયામાં ફૂલડાંની ભાત... વ્હાલા...
મેહલુ શાઁ આવજો
ખીલું ખીલું આવજો

બહેનની સંગાથ
જાણજો ને શીખજો નવી નવી વાત... વ્હાલા...
ઢોલકના તાલમાં
નૃત્યની ચાલમાં
ચિતરજો ભાત
નાના નાના બાળકોના નાના સા હાથ... વ્હાલા...
કોયલના ટહુકોને વીણી વીણી લાવજો
સંભારી ખાસ
ભર્યા ભર્યા ખેતરનાં ડોલાવો ચાસ... વ્હાલા...



## સબ્જી





ટમાટર હૈ ગોલ ગોલ
રંગ હૈ ઉસકા લાલ
મમ્મી બનાયેં સૂપ, હમ સબ પીએ ખુબ
ચાક ધૂમ ધૂમ, ચાક ધૂમ ધૂમ, ચાક ધૂમ ધૂમ ચાક્ ટમાટર...
- આલૂ છોટા મોટા પર બચ્ચોં કા હૈ પ્યારા
પ્યાઝ સાથ મેં આયા મિલકર ગાયે ગાના ચાક ધૂમ ધૂમ...
- ગાજર કા સીઝન આયા સાથ મેં મૂલી લાયા
હલવા બનાવો ગાજર કા મૂલી કા પરાઠા ચાક ધૂમ ધૂમ...
- બૈંગન કાલા કાલા પર સબ્જી કા હૈ રાજા મિર્ચીકિ સ્વાદ નિરાલા જો ખાયે આયે પસીના
મિર્ચીકિ સ્વાદ નિરાલા જો ખાયે ગાયે ગાના ઉફ઼ આ આ, ઉફ઼ આ આ, ઉફ઼ આ આ ઉફ઼
ટમાટર હૈ ગોલ...
- રીટાબેન વડોદરા

## Hello !

God's love is so wonderful
God's love is so wonderful,
God's love is so wonderful,
oh ! wonderful love
So high we can't get over it
So deep we can't get under it
So wide we can't get around it,
oh ! wonderful love.

## Twinkle...

Twinkle, twinkle little star,
How I wonder what you are !
up above the world so high,
Like a diamond in the sky.
- (ધો. ૫ પાઠ્યપુસ્તક)

## રાજા

રાજા રાજા રાજા
હે રાજા રાજા રાજા
મૈં હું રાતોં કા રાજા (૨)
દેખો મેરે ડાટ વાટ
મેરી લંબી મુંછ
દડબડ (૨) કરતાં ટોડુ
પીછે લંબી પૂંછ... રાજા રાજા...
સારી રાત યહાઁ વહાઁ મૈં
ઘર ઘર મેં ઘૂમૂ
બિલ્લી મૌસી મિલે કભી તો
ઉસકે કાન મૈં પકડું... રાજા...
- રીટાબેન

## Hello sun

Hello sun !
Hello sun !
Good Morning ! Good Morning !
Hello sun !
Hello sun !
Good afternoon ! Good afternoon !
Hello sun !
Hello sun !
Good evening ! Good evening !
Hello sun !
Hello sun !
Good night ! Good night !



## Rainbow Marbles

Red marbles, blue marbles
green marbles, new
yellow, black and orange, violet for you
come here come here,
play with me quick
This is my promise, I won't play a trick
(ધો.-૫, અંગ્રેજી વિષયનું પુસ્તક)

## કિલકિલાટ



કિલકિલાટ કરતાં, કલબલાટ કરતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં (૨)
ગોળ ગોળ ફરતાં, સાતતાળી રમતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં...
મુખડાં મલકાવતાં, સૌને હસાવતાં
નાનેરા બાળ...
થનગન નાચતાં, આનંદે રમતાં
નાનેરા બાળ...
નિશાળે જાતાં, ગીત નવાં ગાતાં
નાનેરા બાળ...
- સ્મિતાબેન



## ઢીંગલી બોલતી થઈ


મમ્મી મારી ઢીંગલી બોલતી થઈ (૨)
પટ પટ 'english' બોલાતી થઈ (૨)
મમ્મી મારી ઢીંગલી...
સવારે તો એ 'Good morning' બોલતી,
બપોરે કહેતી 'Good afternoon',
રાત્રે 'Good night' કહેતી થઈ,
મમ્મી મારી ઢીંગલી..
મહેમાનો આવે ત્યારે 'Welcome' બોલતી,
મહેમાનો જાય ત્યારે 'Bye Bye' કહેતી,
ફોન પર 'Hello ! Hello !' કહેતી થઈ,
મમ્મી મારી ઢીંગલી...
વિનંતી કરવા 'Please' એ તો બોલતી
આભાર માનવા 'Thank you' એ કહેતી
મિત્રોને How are you ?' પૂછતી થઈ.
મમ્મી મારી ઢીંગલી...
(ધો.-૫, અંગ્રેજી વિષયનું પુસ્તક)





## અમે બસમાં ગ્યાતાં






અમે બસમાં ગ્યાંતા ટન... ટન... ટન...
અમે ફરવા ગ્યાતાં ટન... ટન... ટન...
બસના સ્ટોપ પર લાંબી કતાર
બસને આવતા લાગે બહુ વાર
મમ્મીને પપ્પા બેસી ગયા
અમે તો વટમાં ઉભા રહ્યાં
ઉભાંતા છેલ્લા ચઢી ગયા પહેલા
ધક્કા-મુક્કી કરતાં ફરે...
અમે બસમાં ગ્યાંતા ટન... ટન... ટન...
અમે ફરવા ગ્યાતાં ટન... ટન... ટન...
કંડક્ટર પૂછે લીધી ટિકીટ
અમે કહ્યું ક્યાં છે ? બેસવાની સીટ
જવાનું કમાટીબાગ પહોંચી ગયા લાલબાગ
ધક્કા-મુક્કી કરતાં ફરે...
અમે બસમાં ગ્યાંતા ટન... ટન... ટન...
અમે ફરવા ગ્યાતાં ટન... ટન... ટન...

## ચરર... ચરર... મારું ચકડોળ

ચરર ચરર મારું ચકડોળ ચાલે
ચકધૂમ ચી.ચી, ચકધૂમ ચીચી (૨) ચાલે
આજે રોકડાને ઉધાર કાલે કાલે
ચરર ચરર મારું....
ઓ લાલ ફેટાવાળા ભૂરી બંડીવાળા
ઓ સોમાભાઈના સાળા, ઓ કરસન કાકા કાળાં
મારું ચકડોળ ચાલે ચાલે ચાલે
ચકધૂમ ચી.ચી, ચકધૂમ ચીચી (૨) ચાલે
આજે રોકડાને ઉધાર કાલે કાલે
ચરર... ચરર...
અધ્ધર પધ્ધર હવામાં સધ્ધર
એનો હિંચકો હાલે
બે પૈસામાં બગડ્યું જોને
આસમાનમાં ભાળે
ચકધૂમ ચી.ચી, ચકધૂમ ચીચી (૨) ચાલે
આજે રોકડાને ઉધાર કાલે કાલે




## ચાલી મારી ગાડી



ચાલી મારી ગાડી છુક છુક છુક (૨)
શિયાળામાં ચાલી જાય, ઉનાળામાં ચાલી જાય
ચોમાસામાં ચાલી જાય, ધુમાડો કાઢતી ભખ ભખ ભખ
ચાલી મારી ગાડી...
દાળભાત ખાય નહીં, શાક રોટલી ખાય નહીં,
કોલસો એ ખૂબ ખાય, કાળુએનું મુખ,
ચાલી મારી ગાડી...
અંગ્રેજી એ બોલે નહીં, ગુજરાતી એ બોલે નહીં,
બોલે એની છુટ્ટી, પાવો વગાડતી, ફૂક... ફૂક... ફૂક
ચાલી મારી ગાડી...
રાત દિવસ જોવે નહીં, નદી નાળા જોવે નહીં,
જંગલના ઝાડવે, વાંદરાઓ કરતા હૂપ હૂપ, હૂપ
ચાલી મારી ગાડી...

## ચાર ખૂણાનું ચોરસ



ચાર ખૂણાનું ચોરસ, પતંગ એ કહેવાય.
ઊંચા આભે પવનમાં સરરર ઉડતી જાય
મંદિર માથે ધોળી ધજા, હવામાં ઉડતી જાય,
જોઈને બાળકો તરત બોલે, ત્રિકોણએ કહેવાય.
મારી સાયક્લનું પૈડું, ગોળ ગોળ ફરતું જાય,
ટ્રીન ટ્રીન ઘંટડી વાગે, ગોળ એ કહેવાય.
મમ્મી મારી ડબ્બો લઈને, લોટ દળાવવા જાય,
પૂછું તો એ કહેતી, ડબ્બો લંબચોરસ કહેવાય.

## દિવાળીના દિવસો

દિવાળીના દિવસો આવ્યાં
નવા-નવા ઉમંગો લાવ્યાં,
રંગ-બે-રંગી કપડાં પહેરી
નાના-મોટા મળવા આવ્યાં
જાત-જાતના ભાત ભાતનાં,
ફટાકડાં ફોડવાને લાવ્યાં
લાલ-પીળા, ભૂરા કંઈ રંગો
રંગોળી પૂરવાને લાવ્યાં
ખાવા માટે સૌની બાએ
ઘૂઘરા, પૂરી, ખીર બનાવ્યાં
સાંજ પડેને સૌના ઘરમાં
ઝગમગતા દીવા સળગાવ્યાં



## ઝૂમઝૂમ પતંગિયા

ઝૂમઝૂમ ઝૂમઝૂમ ઝૂમઝૂમ નાચે
ઝૂમઝૂમ નામે પતંગિયું,
હરતું જાય, ફરતું જાય
ફૂલડે ફૂલડે ફરતું જાય.. ઝૂમઝૂમ
આગળ જાય, પાછળ જાય
ફૂલડે ફૂલડે ફરતું જાય.. ઝૂમઝૂમ
ઉપર જાય, નીચે જાય
ફૂલડે ફૂલડે ફરતું જાય.. ઝૂમઝૂમ
આમ જાય, તેમ જાય
ફૂલડે ફૂલડે ફરતું જાય.. ઝૂમઝૂમ
ઉડતાં ઉડતાં થાકી જાય



## નાના સરખા

નાના સરખાં વાંદરાભાઈ
સિનેમાનો શોખ
ધોતિયું પહેર્યું, ઝભ્ભો પહેર્યો
ચશ્મા પહેર્યા, લાકડી લીધી,
પિક્ચરની તો ટિકિટ લીધી,
જોવા બેઠાં આમ
પિક્ચરમાં તો ધડાકો થયો.
વાંદરાભાઈ તો ગભરાઈ ગયાં
નાંખી સોટી ને નાસી ગયાં

## સાગર રાજા

હું નદીઓનો રાજા, મૂકું ના હું માઝા
ઉછાળી હું મોજા મોટાં, વગાડાવું છું વાજાં
મગર મચ્છર ને માછલી, રાખું ઉરમાં ઝાઝાં
શંખ છીપલાં કોડી, કચરો કાંઠે લાવુ ઝાઝાં
ફરવા - હરવા આવે રોજ, લોકો બનવા તાજા
નાની-મોટી નદીઓ કહે છે મુજને સાગર-રાજા

## બેટી હું મે બેટી



બેટી હું મે બેટી
મેં તારા બનૂંગી
તારા બનૂંગી મૈં સિતારા બનૂંગી
બેટી હું મૈ બેટી તારા બનૂંગી
ગગન પર ચમકે ચંદા મૈ ધરતી પર ચમકૂંગી
ધરતી પર ચમકૂંગી, મે ઉજિયારા કરૂંગી
બેટી હું મેં બેટી હું મેં તારા બનૂંગી
પઢૂંગી, લિખૂંગી, મૈ મહેનત ભી કરૂંગી
અપને પાઁવ પર ચલકર દુનિયા કો દેખૂંગી
દુનિયા કો દેખૂંગી, મે દુનિયા કો સમઝૂંગી
બેટી હું મે બેટી મે તારા બનૂંગી
ફૂલ જૈસી સુંદર બાગો મેં ખીલૂંગી
તિતલી બનૂંગી મે હવા કો ચૂમુંગી
હવા કો ચૂમુંગી મેં નાચુંગી ગાઉંગી
બેટી હૂં મૈ બેટી મૈં તારા બનૂંગી
તારા બનૂંગી, મૈં સહારા બનૂંગી

## ડુગડુગિયાવાળી

નેહાબહેન દોડો, હીનાબહેન દોડો
પેલી ડુગડુગિયાવાળી આવી,
મજાની પેલી ડુગડુગિયાવાળી આવી,
એક રૂપિયાનું ડમરૂં આપે,
આપીને છાતીએ ચાંપે,
બળબળતા ઉનાળા તાપે,
આવીને ઉભી છે ઝાંપે
ઢરર.....ઢમ.....મજાની
પેલી ડુગડુગિયાવાળી.....
રંગે છે એ બહુ રૂપાળી,
રોજ મને આપે છે તાળી
જો હું એને જોઉં ભાળી

રમવા માંડું સાતતાળી
ઢરર.....ઢમ.....મજા.....પેલી.....
એ ડમરૂં રાખી ગાલે,
કેવી ઠુમ્મક ઠુમ્મક ચાલે
બાબા બેબીને બોલાવે
ગીત મધુરાં ગાએ
ઢરર.....ઢમ.....મજા.....પેલી
પૂરી પાંચ હાથ એની કાયા,
બાળક ઉપર બહુમાયા
જાણે સગી માડીના જાયા
આપે રોજ મજાના ડુગડુગિયાં
ઢરર.....ઢમ.....મજાની.....પેલી.

## પતંગ

કેવી મઝાની દેખાય
પતંગ મારી કેવી મઝાની
લાલ લાલ રંગ એનો
પીળો છે પટ્ટો એનો
પાંખો વિના એ ઉડી જાય
પતંગ મારી કેવી...
દોરી જોડે દોસ્તી એની
દોરી થી પેચ કાપે
કાપ્યોની બૂમો સંભળાય
પતંગ મારી કેવી...
આમ તેમ ડોલતી ને
થનગન નાચતી
આકાશે ઉંચે ઉડી જાય
પતંગ મારી કેવી.





## મીંડુ

હું ગોળ મજાનું મીંડુ
ચાંદો-સૂરજ ગોળ રૂપાળા
ગોળ-ગોળ છે લાડું
ગોળ ગોળ છે પૈડાં સઘળાં
પૈડાં ખેંચે ગાડું
પૂરી જલેબી ગોળ ગોળ છે
ગોળ ગોળ છે ઈંડું
હું ગોળ મજાનું મીંડું
અંક નગરમાં હોઉં એકલું
કાંઈ ન કિંમત મારી
કોઈ અંકની પાછળ આવું
થાયે કિંમત મારી
ગોળ ગોળ હું ખાંચ વિનાનું
ક્યાંય મળેના છીંડુ
હું ગોળ મજાનું મીંડુ

## જો રોજ રોજ રજા પડે

મઝા પડે, મઝા પડે
જો રોજ રોજ રમવાની રજા પડે
ખેતરમાં ખેડૂતને કદીએ બૂમ પાડી
ખેડૂતભાઈ...! ખેડૂતભાઈ...!
રમવા આવોને આગગાડી
ખેડુ કહે : લોક સહુ ભૂખે મરે !
જો રોજ રોજ રમવાની રજા પડે
ચાંદા સૂરજની પાસે જઈ પૂછીએ
રમવા આવો ને વીરા ! સંગે મળી કૂદીએ
બેઉ બોલ્યા : અંધારે જગ સહુ ડરે
જો રોજ રોજ રમવાની રજા પડે
ફૂલને જઈ પૂછીએ ઝૂલતાં
ફૂલભાઈ...! ફૂલભાઈ...!
અમારી સંગ કેમ રમવાનું ભૂલતા !
ફૂલ કહે ! દેવ શિર કોણ રે ચઢે !
જો રોજ રોજ રમવાની રજા પડે.



# કક્કો અને બારખડી ના જોડકણા



૧. કમળ (ક-કમળનો ક)
કમળ ખીલતું હસતે મોઢે
કુ કુ કોયલ ગાય
ઝાડે પંખી જાગે
સરોવર પાળે ન્હાય



૨. ખડિયો (ખ-ખડિયાનો ખ)
ખડિયો લઈને બહેની બેઠી
બાએ આપ્યો ઠપકો
કલમ ઝબોળી લખવા ગીતો
પડિયો મોટો ડપકો

૩. ગણપતિ (ગ-ગણપતિ નો ગ)
ગણપતિ બાપા મોરિયા
ઘી માં લાડુ ચોળિયા
લાડુ લાગે મીઠા
ઉંદર મામા દીઠા



૪. ઘર (ઘ ઘરનો ઘ)
ઘર રૂપાળું મારૂં કેવું છે
ગીતો એના ગાઉં
પળ પળ તેને યાદ કરીને
મુખથી હું હરખાઉં



૫. ચકલી (ચ ચકલીનો ચ)
ચકલી પેલી ચીં...ચીં...ચીં...
અરીસામાં જુએ
ટક્ ટક્ કરી ચાંચો મારે
અક્કલ એની ખુએ.

૬. છત્રી (છ છત્રીનો છ)
છત્રી લઈને ભાઈઓ ચાલે
ઓઢી લેતો માથે
ગડગડ કરતા વાદળ ગરજ્યાં
વીજળી ચમકી સાથે.

૭. જમરૂખ (જ જમરૂખનો જ)
જમરૂખ સાથે દાડમ લાવો
લાવો દરાખ ખાટી
બચુભાઈ તો ભાગવા બેઠા
હાથમાં રાખી પાટી


૮. ઝભલુ (ઝ ઝભલાનો ઝ)
ઝભલું પહેરી ભાઈલો નાનો
ધીમો ધીમો ખસે
ગલુ આવી ગેલ કરતો
મીઠું મીઠું હસે



૯. ટપાલી (ટ ટપાલીનો ટ)
ટપાલીનો ટહુકો એવો
લાગે સૌથી મીઠો
કાનાભાઈને કાગળ દેતો
રસ્તા પર મેં દીઠો

૧૦. ઠળિયો (ઠ ઠળિયાનો ઠ)
ઠળિયો એવો કોને ભાવે ?
ભાવે જાંબુ મીઠા
ખાઈ ખાઈને જુઓ અરીસો
કાળા મુખડાં દીઠાં

૧૧. ડગલો (ડ ડગલાનો ડ)
ડગલો પહેરી ડોસો નાચે
નાચે ભગલો ભાઈ
અગલો નાચે બગલો નાચે
નાચે જગલો જોઈ



૧૨. ઢગલો (ઢ ઢગલાનો ઢ)
ઢગલો કરી બહેની બેઠી
રમકડાંથી રમતી
રમતાં રમતાં સામે જોતી
મમ્મીને એ ગમતી

૧૩. ફેણ (ણ કોઈનો નહિ)
ફેણ ચડાવી બેઠો બેઠો
કાળો સાપ ડોલે
ઝાડ નીચે હરણ બેઠું
હોલો ઘૂ ઘૂ કર બોલે





૧૪. તલવાર (ત તલવાર ત)
તલવાર લીધી નાટક કરવા
ઢાલ રાખી હાથે
આમતેમ એ વીંઝવા લાગ્યા
સાફો પહેરી માથે

૧૫. થડ (થ થડનો થ)
થડની ડાળે ભગલો બેઠો
પકડીને એ હીંચે
ધડાક દઈને ડાળી તૂટી
ગબડી પડ્યો નીચે



૧૬. દડો (દ દડાનો દ)
દડો રૂપાળો કેવો મારો
દડૂક દડૂક દોડે
ઉંચે ઉછાળી ફેંકું તો તે
આકાશે જઈ અડે.

૧૭. ધજા (ધ ધજાનો ધ)
ધજા અમારી રાતી પીળી
કેવી ફરફર થાય
ઉંચે ઉંચે આભ ચડીને
વાદળમાં લહેરાય



૧૮. પતંગ (પ પતંગનો પ)
પતંગ લઈને બાબુ ચાલ્યો
ફીરકી લીધી હાથે
પેચ લડાવી પતંગ કાપે
ચંગુ મંગુ સાથે

૧૯. ફટાકડા (ફ ફટાકડાનો ફ)
ફટાકડા તો ફડ ફડ ફૂટે
હવાઈ છોડે બહેનો
ફૂલ ઝરતુ તારા મંડળ
મમ્મી લાવી દેને !

૨૦. બકરી (બ બકરીનો બ)
બકરી પેલી કાળી-ધોળી
બે-બે કરતી જાય
સીમ ખેતરે ચરતી ચરતી
આલો-પાલો ખાય



૨૧. ભમરડો (ભ ભમરડાનો ભ)
ભમરડો આ ભમતો ભમતો
આગળ-પાછળ જાય
ફરતાં ફરતાં થાકે ત્યારે
ગું ગું કરતો ગાય

૨૨. મરચું (મ મરચાનો મ)
મરચું કહે હું લીલું રાતું
પહેરૂ ટોપી નાની
તીખું તીખું ભડકા જેવું
જીભ રહે ના છાની

૨૩. રથ (ર રથનો ર)
રથમાં બેસી દશરથ ચાલ્યા
દાનવ સામે લડવા
સરરર કરતાં બાણ છૂટે ને
રાક્ષસ માંડે પડવા

૨૪. લખોટો (લ લખોટાનો લ)
લખોટો તો લલ્લુ લાવે
કલ્લુ લાવે ગોટા
શેરી વચ્ચે ગલ્લી ખોદી
ખેલે નાના મોટા

૨૫. વહાણ (વ વહાણનો વ)
વહાણ કેવું હાલક ડોલક
મોજા ઉપર તરતું
ધોળો એને સઢ ફૂલે ને
પવન સાથે સરતું

૨૬. ષટ્કોણ (ષ ષટ્કોણ ષ)
ષટ્કોણ કેવો સહેલો લાગે
લીટી કરતો છ
છ છ ખૂણા દોરી કાઢો
નહિંતર રહેશો 'ઢ'

૨૭. સસલું (સ સસલાનો સ)
સસલાભાઈ તો બીકણ ભારે
કાતરી ખાતાં પાન
ઉંદરભાઈ મામા એનો
લાંબા લાંબા કાન

૨૮. હરણ (હ હરણનો હ)
હરણુ નાનું નમણુ કેવું
ભરતું લાબીંફાળ
આંખો એની ચમકીલીને
સરતી એની ચાલ

૨૯. યજ્ઞ (જ્ઞ કોઈનો નહિ)
યજ્ઞ કરે જે મોટા રાજા
લોકો આપે માન
જેવી જેની શક્તિ એવું
મળતું એન જ્ઞાન

૩૦. અજગર (અ અજગર અ)
અજગર કેવો ભરડો લેતો
ઝાડની ડાળે ઝૂકે
તરાપ મારી જીભ લબકાવી
શિકાર મોંમા મૂકે

૩૧. ઈયળ (ઈ ઈયળનો ઈ)
ઈયળ કેવી નરમ સુંવાળી
સળવળ કરતી જાય
અન્નના દાણા કોરી કોરી
અંદર કાં છુપાય ?

૩૨. ઉન (ઉ ઉનનો ઉ)
ઉન ભરેલું ઘેટું નાનું
લાગે કેવું ભોળું
એની પાસે જઈને બોલું
ઉન આપને ધોળું

૩૩. ઋષિ (ઋ ઋષિનો ઋ)
ઋષિ બેઠા તપ કરવાને
માળા પકડી હાથે
ધોળી ધોળી દાઢી એની
લાંબી જટા માથે


૩૪. એરાગ (એ એરાગનો એ)
એરાગ ઉપર લોઢું મૂકી
લુહાર પાસે બેઠી
દણ મારીને લોઢું ટીપે
ઘા પડે ના હેઠો

૩૫. ઓશીકું (ઓ ઓશીકાનો ઓ)
ઓશીકાને માથે મૂકી
સૂતો આખી રાત
ઉંઘમાં એવું સપનું આવ્યું
સાંભળ એની વાત

૩૬. ઔષધ (ઔ ઔષધનો ઔ)
ઔષધ લેવા તરલા મારી
વૈદની પાસે જાય
નાડ તપાસી ઔષધ આપે
મધની સાથે ખાય

૩૭. અંજીર (અં અંજીરનો અં)
અંજીર લાવ્યા, આલુ લાવ્યા
લાવ્યા કાજુ મીઠાં
લીલી લીલી દરાખ લાવ્યાં
પોપટજી દીઠાં





## પતંગ

ઉડે રે પતંગ મારો ઉડે રે પતંગ
ઉચે આકાશે મારો ઉડે રે પતંગ
ઉડે રે પતંગ મારો ઉડે રે પતંગ
રંગબેરંગી મારો ઉડે રે પતંગ
બૂમો પાડતા જાય દોડમ દોડી થાય
ઢાલ આયો પતંગ આયો આનંદ લૂટતા જાય
લૂટે રે પતંગ લોકો લૂટે રે પતંગ
ઝંડા ઉંચા કરતા જાય ઝટ વીંટાળે પતંગ
તલ સાંકળી ખાય સહુ શેરડી સાંઠા ખાય
ઉંચે આકાશે મારો ઉડે રે પતંગ.

## Johny...Johny...

Johny Johny Yes Pappa
Eating Sugar ? No Pappa
Telling Lie ? No Pappa
Open Your Mouth
Ha...Ha...Ha...

## સંદર્ભ સાહિત્ય સુચિ :


૧. વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રકાશિત ધીંગામસ્તી મેગેઝીનનાં અંકો

૨. ગુજરાત રાજય પુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત ધો.૧ થી ધો.પ નાં પાઠ્ય પુસ્તકો

૩. ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પ્રકાશિત બાલ સૃષ્ટિ મેગેઝીન

૪. ભૂલકાઓને સથવારે, શ્રોફ્સ કાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા દ્વારા પ્રકાશિત પુસ્તિકા.

પ. બાળભાસ્કર, દિવ્યભાસ્કરમાં શનિવારના રોજ પ્રકાશિત પૂર્તિ

૬. ઝગમગ, ગુજરાત સમાચારમાં શનિવારનાં રોજ પ્રકાશિત પૂર્તિ

૭. ઈન્કા બાળગીત

૮. ડૂગડૂગીયા, નૂતન બાલ શિક્ષણ સંઘ, વડોદરા.

૯. બાળગીતોનું સંકલન, અંબે ગ્રુપ ઓફ સ્કૂલ્સ, વડોદરા.